RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 38* Date: 04.12.2020 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા

## માસ્ક ન પહેરનારા પાસેથી સમાજ સેવા: હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમનો સ્ટે



ન્યુ દિલ્હી,તા.૩

ગુજરાત હાઈકોર્ટે માસ્ક ન પહેરનારને કોવિડ કોમ્યુનિટી સર્વિસમાં સેવાની સજાના આદેશ અંગે જાહેરનામા માટે રાજ્ય સરકારને કહ્યું હતું. જે સામે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. ગુજરાતના સોલિસિટર જનરલે આ મામલે આજે જ સુનાવણી કરવા માટેની સુપ્રીમ કોર્ટમાં વિનંતી કરી હતી. રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં હાઈ કોર્ટનો આદેશ પડકાર્યો છે. આ મામલે ગુજરાત સરકાર માટે મહત્ત્વનાં સમાચાર આવ્યા છે કે, હાલ હાઈકોર્ટનાં આ નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે લગાવી દીધો છે. હાઈકોર્ટનો ગુજરાત સરકારને નિર્દેશ હતો કે, જેઓ માસ્ક ન પહેરે તેમને કોવિડ કોમ્યુનિટી સર્વિસમાં સેવા કરાવો, આ નિર્ણય પર હાલ સુપ્રીમ કોર્ટે રોક લગાવી છે.

એટલે માસ્ક ન પહેરનારને કોવિડ સેન્ટરમાં સેવા કરાવવાના નિર્ણય પર વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી સ્ટે લાવી દેવામાં આવ્યો છે. આ મામલે અર્જન્ટચાર્જમાં સુનવણી કરવા રાજ્ય સરકારની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી છે. રાજ્ય સરકારની અપીલ પ્રમાણે, કોવિડ સેન્ટરમાં કામગીરી સોંપવી એ ગંભીર બાબત છે. કોવિડ ટાસ્કમાં ટ્રેનિંગ વગર સામાન્ય વ્યક્તિને મોકલી ન શકાય. બેદરકાર પ્રજા જો માસ્ક ન પહેરતી હોય તો ડ્યુટી પર માસ્ક પહેરીને કામ કરાવવું અઘરું છે. ગુજરાત હાઈકોર્ટે માસ્ક વગર પકડાયેલા લોકો સામે આકરું વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો કે, લોકોને કોવિડ કેર સેન્ટરમાં ફરજિયાત ૫થી ૬ કલાકની સામાજિક સેવા આપવા માટે જાહેરનામું બહાર પાડે અને તાત્કાલિક અમલ કરાવે.

હાઈકોર્ટે અગાઉ જ સરકારને માસ્ક વગર ફરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું. દંડ વસુલવા ઉપરાંત તેમની પાસે કોવિડ કેર સેન્ટરમાં સામાજિક સેવા કરાવવા માટે પણ વિકલ્પ અંગે વિચારવા જણાવ્યું હતું. ગુજરાત સરકારે આ હાઈકોર્ટના આ અવલોકન બદલ એવો જવાબ રજૂ કર્યો હતો કે હાલમાં સરકાર કોવિડ સંક્રમણ નિવારવા માટે કામ કરી રહી છે અને તેઓ માસ્ક વગર ફરતા લોકોને કોવિડ કેર સેન્ટરમાં સામાજિક સેવા કરાવવા માટે અસક્ષમ છે. રાજ્ય સરકારના આવા વલણથી નારાજ ગુજરાત હાઈકોર્ટે બુધવારે સરકારને જાહેરનામું બહાર પાડીને માસ્ક વગર ફરતા લોકોને દંડ સાથે ૫-૬ કલાક કોવિડ કેર સેન્ટરમાં કોમ્યુનિટી સેવા કરાવવા આદેશ આપ્યો હતો.

ગુજરાત સરકાર વતી સોલિસીટર જનરલે રજૂઆત કરી હતી. જેમાં તેઓએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, લોકો માસ્ક નથી પહેરતા એ વાત સાચી, પણ હાઈકોર્ટના આદેશને લાગુ કરવો શક્ય નથી. માસ્ક ન પહેરવાથી જે જોખમ છે તેના કરતાં વધુ જોખમ કોવિડ કેર સેન્ટરમાં કામ કરવાથી છે. સ્વયં શિસ્ત ન રાખવી એ આપણા કલ્ચરમાં છે.

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા

તો બીજી તરફ, સુપ્રીમ કોર્ટે વધુ એક વાર ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા છે. આકરુ વલણ દાખવતા સુપ્રીમ કોર્ટે કહ્યુ કે, નિયમો અને ગાઈડલાઈન છે, પણ તેનું પાલન થાય છે ખરું? એસઓપીનું પાલન કરાવવાની ઈચ્છા શક્તિ સરકારમાં દેખાતી નથી. એટલે જ હાઈકોર્ટે આદેશ કરવો પડ્યો હતો. લગ્ન પ્રસંગ, મેળાવડામાં હજારો લોકો ભેગા થઈ રહ્યા છે, એસઓપીનું પાલન ક્યાં થઈ રહ્યું છે? તમે કહો છો પ્રસંગો યોજવા સરકારની મંજૂરી જરૂરી છે અને સરકાર પ્રેસ કોન્ફરન્સ કરીને કહે છે કે કોઈ મંજૂરીની જરૂર નથી.

## થરૂરે પાક મીડિયા સામે ભારતનું અપમાન કરતાં ભાજપે રાહુલને ઘેર્યા

ન્યુ દિલ્હી,તા.૩

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરએ કોરોના મહામારીને લઈ પાકિસ્તાની મીડિયાને લઈ પાકિસ્તાની મીડિયાની સામે ભારતનું અપમાન કર્યું છે. થરૂરે કોરોના મામલામાં ભારતની સ્થિતિને પાકિસ્તાનથી ખરાબ ગણાવ્યા. થરૂરે કહ્યુ કે જો આપણે કોરોનાને સારી રીતે ઉકેલવા પર અમને પાકિસ્તાનથી ઈર્ષા થઈ રહી છે. શશી થરૂરે ભારતમાં તબલીગી જમાતને પીડિત ગણાવ્યા હતા. શશી થરૂર લાહોર થિંક ફેસ્ટ નામના કાર્યક્રમમાં ઓનલાઈન જોડાયા હતા અને આ કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું હતું કે કોરોના મહામારી દરમ્યાન ભેદભાવ વધ્યો છે. શશી થરૂરે પોતાના દેશની મજાક ઉડાવી હતી. શશી થરૂરના નિવેદન બાદ ભાજપે તેના પર પ્રહારો કર્યા છે. શશી થરૂર જ નહીં ભાજપે પણ રાહુલ ગાંધીને પણ આ મુદ્દે ઘેર્યા હતા.

ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું છે કે, ‘થરૂરે જે નિવેદન આપ્યું છું તેના પર વિશ્વાસ થઈ રહ્યો નથી કે ભારતીય સાંસદ, રાહુલના ગાંધીના રાઈટ હેન્ડ આવા પ્લેટફોર્મ પરથી પોતાના જ દેશની મજાક કેવી રીતે ઉડાવી શકે છે?’ પાત્રા એ કહ્યું કે થરૂર ભારત સરકાર દ્વારા કોરોના વાયરસ માટે ઉઠાવામાં આવેલા પગલાંઓની આલોચના અને પાકિસ્તાનની પ્રશંસા કરે છે. થરૂર કહી રહ્યા છે કે ભારતમાં ઉત્તરપૂર્વના લોકો સાથે સારો વ્યવહાર કરાતો નથી જ્યારે ભારત જેવા લોકતાંત્રિક દેશ કયાંય નથી, ધિક્કાર છે થરૂરના નિવેદન પર. પાત્રા એ થરૂરના તબલીગી જમાતના પ્રત્યે પ્રેમ પર વળતો પ્રહાર કરતાં કહ્યું કે તેમણે અહીં કટ્ટરતા દેખાડી છે.

સોનિયા ગાંધી, રાહુલ ગાંધીએ એકવાર પણ પાકિસ્તાનમાં થઈ રહેલા લઘુમતીઓ પરના અત્યાચાર અંગે સવાલ ઉઠાવ્યા હતા? થરૂરે સપડાયું કે કોંગ્રેસ પાકિસ્તાનમાં ચૂંટણી લડવા માંગે છે? પત્ર થરૂરનું નિવેદન, ‘રાહુલ આ બધી બાબતો સામે અવાજ ઉઠાવી રહ્યો છે, પરંતુ ભારતમાં તેમની સુનાવણી કરવામાં આવી નથી’, તે કોણ સાંભળશે તેના પર સવાલો ઉભા કરે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં આવા નિવેદનો આપવાની શું જરૂર છે. થરૂરે રાહુલ ગાંધીને ચીન અને પાકિસ્તાનના ‘હીરો’ ગણાવ્યા છે.

## પાકિસ્તાન પહેલાં જ શાંતિ સંસ્કૃતિના પ્રસ્તાવનું કર્યું ઉલ્લંઘન

ન્યુ દિલ્હી,તા.૩

ભારતે સંયુકત રાષ્ટ્રમાં ફરી એકવખત પાકિસ્તાન પર નિશાન સાંધ્યું છે. ‘કલ્ચર ઓફ પીસ’ પર સંયુકત રાષ્ટ્ર મહાસભાના ૭૫મા સત્રમાં ભારતે પોતાની વાત મૂકી છે. આ દરમ્યાન સંયુકત રાષ્ટ્રમાં સ્થાયી મિશનના પહેલાં સચિવ આશિષ શર્મા એ કહ્યું કે પાકિસ્તાન પહેલાં જ આ સભાની તરફથી ગયા વર્ષે શાંતિની સંસ્કૃતિને લઈ પ્રસ્તાવનું ઉલ્લંઘન કરી ચૂકયું છે. ભારતે કરતારપુર સાહિબ ગુરૂદ્વાર પ્રબંધનમાં પાકિસ્તાનની તરફથી કરવામાં આવેલા બદલાવને લઈ પણ પ્રશ્ન ઉઠાવ્યા. ભારતે કહ્યું કે ગયા મહિને જ પાકિસ્તાનના શીખોના ધાર્મિક સ્થળ કરતારપુર સાહિબ ગુરૂદ્વારના પ્રબંધનમાં ફેરફાર કર્યા. તેને શીખ સમુદાયની જગ્યાએ બિન-શીખ સમુદાયના પ્રશાસનિક નિયંત્રણમાં સ્થળાંતરિત કરી દીધું. તેનું આ પગલું શીખ ધર્મ અને તેના સંરક્ષણના વિરૂદ્ધ છે. સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનના પહેલાં સચિવ આશિષ શર્મા એ કહ્યું કે આપને યાદ હશે કે પવિત્ર કરતારપુર સાહિબ ગુરૂદ્વારાના ઉલ્લેખના પહેલાંના પ્રસ્તાવમાં પણ છે. આ પ્રસ્તાવનું ઉલ્લંઘન પાકિસ્તાનની તરફથી કરાયું છે. સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનના સચિવ આશીષ શર્મા એ કહ્યું કે જો પાકિસ્તાન ભારતમાં ધર્મોની વિરૂદ્ધ નફરતની પોતાની હાલની સંસ્કૃતિને બદલે છે અને સરહદ પારથી થનાર આતંકવાદના સમર્થનને રોકે છે તો અમે દક્ષિણ એશિયા છે અને તેની બહાર શાંતિની વાસ્તવિક સંસ્કૃતિનો પ્રયાસ કરી શકીએ છીએ.

## જાન્યુઆરીમાં આવી શકે છે કોરોના વેક્સીન: એમ્સ ડોક્ટર ગુલેરિયા

ન્યુ દિલ્હી,તા.૩

બ્રિટનમાં કોરોના રસી ફાઈઝરના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી મળી ગઈ છે અને આવતા સપ્તાહથી ઉપલબ્ધ થશે. આ બધાની વચ્ચે ભારતમાં પણ ડિસેમ્બરના અંત સુધીમાં કે આવતા વર્ષની શરૂઆતના મહિનામાં દેશી રસીને મંજૂરી મળવાની આશા છે.

એમ્સના ડાયરેકટર રણદીપ ગુલેરિયાએ કહ્યું કે તેમને આશા છે કે આ મહિનાના અંતથી લઈ આવતા મહિનાની શરૂઆતમાં કોવિડ-૧૯ વેક્સીનની ઈમરજન્સી માટે ઉપયોગની મંજૂરી મળી શકે છે. તેમણે કહ્યું કે આપણી પાસે એવી વેકસીન છે જે ટ્રાયલના અંતિમ તબક્કામાં છે. એવી અપેક્ષા છે કે ભારતીય નિયમનકાર તેના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી દેશે.

### રાહુલ ગાંધીએ ફરી વડાપ્રધાન પર સાધ્યું નિશાન, કહ્યું-

## હવે સરકાર કહે છે અમે દરેકને વેક્સીન આપવાનો વાયદો કર્યો નથી



ન્યુ દિલ્હી,તા.૩

કોરોનાની લડાઈમાં મોટી સફળતા હવે મળી રહી હોય તેમ લાગી રહ્યું છે. આવનારા અઠવાડિયાથી વેક્સીનેશનનું કામ શરૂ કરાશે. બ્રિટને આ બાબતે સફળતા મેળવી છે. બ્રિટનને અમેરિકાની ફાઈઝર અને જર્મનીની બાયોએનટેકની કોરોના વેક્સીનની મંજૂરી મળી છે. ભારતમાં પણ વેક્સીન જલ્દી આવવાના આસાર છે ત્યારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારના વેક્સીન નિવેદનને લઈને ફરી પ્રહાર કર્યા છે. વેક્સીન આવવાની આશાની સાથે લોકોના મનમાં સવાલ છે કે આખરે તેમને વેક્સીન ક્યારે મળશે. કોંગ્રેસ પણ આ સવાલ સરકારને કરી રહી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે પ્રધાનમંત્રીએ કહ્યું હતુ કે દરેકને વેક્સીન મળશે. બિહારની ચૂંટણીમાં ભાજપે કહ્યું હતુ કે દરેક બિહારવાસીઓને ફ્રીમાં વેક્સીન મળશે અને હવે ભારત સરકાર તેની ના પાડી રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવના નિવેદનનો ઉલ્લેખ કરતાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે સરકાર કહી રહી છે કે અમે દરેકને વેક્સીન આપવાનો વાયદો કર્યો નથી. આ સમયે પીએમ મોદીનું સ્ટેન્ડર્ડ શું છે. આ પહેલાં કોંગ્રેસે પૂછ્યું કે શું લોકોને વેક્સીન મળશે કે તેને માટે પણ તેઓએ આત્મનિર્ભર બનવાનું રહેશે. અમદાવાદમાં ઝાયડસ- કેડિલા જાયકોવ-ડી નામની વેક્સીન બનાવી રહી છે, જે સંપૂર્ણ રીતે દેશી છે તેના ૨ ટ્રાયલ થઈ ચૂક્યા છે.

તો હૈદરાબાદમાં ભારત બાયોટેક આઈસીએમઆરની સાથે મળીને કોવેક્સીન નામની વેક્સીન બનાવી રહી છે. એમ્સ સહિતની ૨૫ હોસ્પિટલમાં તેનું ત્રીજા ફેઝનું ટ્રાયલ ચાલી રહ્યું છે. વેક્સીનની રેસમાં સૌથી આગળ પુનામાં બની રહેલી કોવિશીલ્ડ વેક્સીન છે. તેને સીરમ ઈન્સ્ટિટ્યૂટ બ્રિટિશ ફાર્મા કંપની એસ્ટ્રાજેનેકા અને ઓક્સફર્ડ યૂનિવર્સિટીની સાથે મળીને બનાવી રહી છે.

## દેશમાં દર્દીઓની સંખ્યા ૯૫ લાખને પાર, ૨૪ કલાકમાં નોંધાયા ૩૫,૫૫૧ કેસ

ન્યુ દિલ્હી,તા.૩

ભારતમાં કોરોનાથી સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૯૫ લાખના આંકને આંબી ગઈ છે. બીજી તરફ કોવિડ સામેની જંગ હારીને જીવ ગુમાવનારા દર્દીઓની સંખ્યા ૧,૩૮,૬૪૮એ પહોંચી ગઈ છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૫,૫૫૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે.

આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૨૬ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૫,૩૪,૯૬૫ થઈ ગઈ છે. દેશમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૮૯ લાખ ૭૩ હજાર ૩૭૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૦,૭૨૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૨૨,૯૪૩ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૩૮,૬૪૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨ ડિસેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૪,૩૫,૫૭,૬૪૭ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બુધવારના ૨૪ કલાકમાં ૧૧,૧૧,૬૯૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## કૃષિ કાયદા સામે વિરોધ નોંધાવતા પ્રકાશ સિંહ બાદલે પરત કર્યું પદ્મ વિભૂષણ સન્માન



ન્યુ દિલ્હી,તા.૩

કૃષિ કાયદાઓની વિરોધમાં દેશમાં ખેડૂતો મોટાપાયે આંદોલન કરી રહ્યા છે અને હવે તે વધુ ઉગ્ર બનતું જઈ રહ્યું છે. આ દરમિયાન પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને અકાલી દળના વરિષ્ઠ નેતા પ્રકાશ સિંહ બાદલે કૃષિ કાયદાઓની વિરોધમાં પોતાનું પદ્મ વિભૂષણ સન્માન પરત કરી દીધું છે. પ્રકાશ સિંહ બાદલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને લગભગ ત્રણ પાનાના પત્ર લખીને કૃષિ કાયદાઓનો વિરોધ કર્યો, ખેડૂતો પર એક્શનની નિંદા કરી અને તેની સાથે જ પોતાનું સન્માન પરત કર્યું છે. પોતાનો પદ્મ વિભૂષણ સન્માન પરત કરતાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે લખ્યું કે, હું એટલો ગરીબ છું કે ખેડૂતો માટે કુરબાન કરવા માટે મારી પાસે બીજું કંઈ નથી. હું જે પણ છું તે ખેડૂતોના કારણે છું. એવામાં જો ખેડૂતોનું અપમાન થઈ રહ્યું છે તો કોઈ પ્રકાના સન્માન રાખવાનો કોઈ ફાયદો નથી. પ્રકાશ સિંહ બાદલે વધુમાં લખ્યું કે ખેડૂતોની સાથે જે રીતની છેતરપિંડી કરવામાં આવી છે તેનાથી ખૂબ જ દુઃખી છું. ખેડૂતોના આંદોલનને જે રીતે ખોટા દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવી રહી છે, તે દુખદ છે.

## અમિત શાહને અમરિન્દર સિંઘે કહ્યું- ખેડૂતોની સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવો

ન્યુ દિલ્હી,તા.૩

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંઘે ગૃહમંત્રી અમિત શાહને મળી ખેડૂતોની સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવાનું કહ્યું છે. તેનાથી રાષ્ટ્રીય સુરક્ષા પર અસર થઈ રહી છે. છેલ્લા એક સપ્તાહથી દિલ્હી-એનસીઆરમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન વચ્ચે ગુરુવારે અમરિન્દર સિંઘે શાહ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ કેપ્ટને કહ્યું કે અમે આ વિવાદને જલદી ઉકેલ ઈચ્છીએ છીએ. પંજાબના ખેડૂતોના પ્રદર્શનને કારણે રાજ્યથી અર્થવ્યવસ્થા પર પણ અસર પડી રહી છે. સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા પર પણ અસર પડતી દેખાઈ રહી છે.

અમે ગૃહમંત્રી સમક્ષ અમારી વાત રજૂ કર દીધી છે. પંજાબના સીએમએ કહ્યું કે સરકાર અમે ખેડૂતો બંનેને વચ્ચેનો માર્ગ શોધી કાઢવાની અપીલ કરી છે. અકાલી દળના આરોપો અંગે તેમણે બોલવાનો ઈનકાર કરી દીધો. નોંધનીય છે કે કેન્દ્રના ત્રણ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું છે. તેનું નેતૃત્વ પંજાબ જ કરી રહ્યું છે. ત્યાંના આશરે ૫૦ ખેડૂત સંગઠન દિલ્હી, હરિયાણાની સરહદો પર ડટેલા છે. હવે તેમને ધીમે-ધીમે ગુજરાત, યુપી, દિલ્હી અને હરિયાણાના ખેડૂતોનું સમર્થન પણ મળવા લાગ્યું છે.

દરમિયાન ખેડૂત આંદોલનમાં માર્યા ગયેલા ખેડૂતો ગુરજંત સિંઘ અને ગુપરબચન સિંઘના પરિવારોને ૫-૫ લાખ રુપિયાની સહાય આપનવાની કેપ્ટન અમરિન્દર સિંઘે જાહેરાત કરી છે. કેપ્ટન અમરિન્દર સિંઘ સતત કેન્દ્ર સરકારને કહી રહ્યા છે કે તે ખેડૂતો સાથે વાત કરી આ આંદોલનને ખતમ કરાવે. પંજાબ દેશમાં એક એવું રાજ્ય છે, જેણે સૌથી પહેલાં કેન્દ્રના ત્રણ કાયદા સામે વિધાનસભામાં બિલ પાસ કર્યું છે. નોંધનીય છે કે ખેડૂતો અને સરકાર વચ્ચે ત્રણ તબક્કાની મંત્રણા થઈ ગઈ છે. એક ડિસેમ્બર બાદ આજે ફરી ચોથી વખત મળી રહ્યા છે. હજુ સુધી કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. તેથી ખેડૂતોએ પોતાની માગો લેખિતમાં આપી છે. જો આજે ઉકેલ નહીં આવે તો ખેડૂત આંદોલન વધુ આક્રમક થશે. ખેડૂતોનું કહેવું છે કે આજે ગુરુવારે જો ઉકેલ નહીં આવે તો આંદોલન વધુ આક્રમક થશે એને તેનો અંત શું આવશે, તે કોઈ કહી નહીં શકે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૫૪૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૧૪૩૦૯**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧૩**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૪૨૭**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૧૯૫૪૬૫**

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વનાના અનાજ બજારોની નજર ભારતના કૃષિ ક્ષેત્ર પર શા માટે....?

ખેતીપ્રધાન દેશ ભારતમાં ખેતીવાડી ક્ષેત્રે અંદાજે ૬૫ કરોડ જેટલા લોકોને રોજગારી મળે છે, તો જીડીપીમાં પણ ૧૪ ટકા જેટલો હિસ્સો આપે છે અને દેશભરમાં સૌથી વધુ કૃષિ ઉત્પાદન આપવામાં પંજાબ અને હરિયાણાનો છે ત્યાર બાદ અન્ય રાજ્યો આવે છે. જેમાં ખાસ કરીને સમગ્ર દેશના કૃષિ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો પંજાબ અને હરિયાણા રાજ્યનો છે. આ બાબતને વિશ્વના અનાજ બજારો સમજી ગયા કે ભારતનું ખેતીવાડી ક્ષેત્ર સોનાનાં ઈંડા આપતી મરઘી છે... એટલે વિશ્વ ભરના અનાજ બજારોની નજર ભારતના કૃષિ ક્ષેત્ર પર પડી છે..... અને એન કેન પ્રકારે તેના પર ડાયરેક્ટ-ઇનડાયરેક્ટ કબજો કરવાની મથામણ કરી રહ્યા છે. જે કારણે ભારત સરકાર દેશમાં નવા કૃષિ કાયદા લાવી લાગે છે. તેવુ નવા કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન ચલાવતા લાખો કિસાનો કુચ કરીને દિલ્હી આવ્યા તેઓમાંના અનેકોનુ માનવું છે. નવા કૃષિ કાયદાને કારણે ખેડૂતોના ઉત્પાદનોની કિંમતો ઉત્પાદન ખર્ચ કરતાં પણ ઘટી જશે... ઉપરાંત ખેડૂતો લાંબો સમય પોતાના કેટલાક કૃષિ ઉત્પાદનો સંગ્રહ કરી શકે તેવી વ્યવસ્થા નથી કે સુવિધા નથી અને જે સંગ્રહ સુવિધા છે તે મર્યાદિત છે. ખેડૂતો માટે સ્થાનિક સ્તરે માર્કેટયાર્ડો છે એટલે ઉત્પાદનની કિંમત મળી રહે છે. તેમાં સરકારની કૃષિ ઉત્પાદન વેચાણ કિંમતો નક્કી કરેલ હોવથી...મતલબ ભાવ બાંધણી પ્રથાને કારણે ખેડૂતો પાયમાલ થતા નથી કે પુરતી કિંમત મળે છે અને આમ પ્રજાને પણ પૂરતા પ્રમાણમાં યોગ્ય કિંમતી અનાજ, કઠોળ વગેરે મળી જાય છે. તેવું કહેતા આંદોલન કરતા જગતાપસિંઘે કહ્યું કે અત્યારે માર્કેટમાં ઘઉંનો તૈયાર લોટની કિંમત ઘઉંની કિંમત કરતા ડબલ કિંમત લેવામાં આવે છે. ત્યારે ગરીબ, મધ્યમ વર્ગને છૂટક બજારોમાં ઘઉંનો એક કીલો લોટ રૂપિયા ૪૦ કે ૪૫ માં મળી રહે છે... મતલબ ગરીબ, મધ્યમ વર્ગ લૂટાશે. તો નવા કૃષિ કાનુને કારણે ખેડૂતોને કૃષિ ઉત્પાદનો વેચવા નુકસાન તો જશેજ પરંતુ ખેતીની જમીનો પણ વેચવી પડે તેવી સ્થિતિ બની શકે... એટલા માટે ખેડૂતો નવા કૃષિ કાનુનનો વિરોધ કરી રહ્યા છે.....!!

અત્યારે કેન્દ્ર સરકાર નવા કૃષિ કાનુન બાબતે ભેરવાઈ ગઈ છે...! ખેડૂતોના આંદોલનમાં મજૂર સંગઠનો જોડાવા લાગ્યા છે તો હવે ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર ટેકો આપવાનું નક્કી કર્યું છે અને હડતાળ પર જવાના છે. બીજી તરફ દિલ્હીમાં દૂધ, શાકભાજી સહિતની અછત ઉભી થવા પામી છે જેથી દિલ્હી રાજ્યની પ્રજામા પણ સરકાર સામે આક્રોશ ફેલાયો છે. જો આંદોલન લાંબુ ચાલે અને ટ્રાન્સપોર્ટ હડતાળ પડે તો અનેક રાજ્યો મુશ્કેલીમાં મૂકાઇ જાય તેવી સ્થિતિ બની ગઈ છે....! નવા કૃષિ કાયદાના નિયમો અનુસાર હવે ખેડૂત પોતાના ઉત્પાદનો દેશના કોઈપણ રાજ્ય કે વિસ્તારમાં વેચવા માટે સ્વતંત્ર છે. જ્યારે કે અગાઉની ઉત્પાદનો વેચાણ પ્રણાલી ખેડૂત વિરોધી હતી. નવા કાયદા અનુસાર કૃષિ ઉત્પાદનની કિંમત નક્કી કરવામાં ખેડૂત ભૂમિકા બરઃબરની બની રહેશે અને પોતાની સમજૂતીને તોડી શકશે... અને તે માટે દંડ નહીં આપવો પડે. જ્યારે કે સમજૂતી કરનાર કંપનીઓ કે વેપારીએ ઉત્પાદનની નક્કી કરેલ કીમત આપવી પડશે અને તેમ ન કરે તો તેમને દંડ ભરવો પડશે. કરાર એટલે કે સમજૂતીના ત્રણ દિવસમાં નક્કી કરેલ કિંમત ચૂકવી દેવી પડશે. ૧૦ હજારથી વધુ કૃષિ ઉત્પાદન સંગઠનો નાના ખેડૂતોને કંપનીઓ સાથે સમજૂતી કરવા માટે મજબૂત બનાવશે. સ્થાનિક સ્તરના વિવાદોને નિયમ અનુસાર સમાધાન કરાશે નહીં તો કોર્ટ દ્વારા તેનો નિકાલ કરવામાં આવશે. ખેડૂતોને ફાયદો એ છે કે ખેડૂત આંતરિક સમજુતીના આધારે ઉત્પાદનની કિંમત નક્કી કરી મોટી કંપનીઓ, જથ્થાબંધ વેપારીઓ, નિકાસ કરનારા વગેરે સાથે સમજૂતી કરી શકે છે જે કારણે વાવણી કરતા પહેલા તેની કિંમતની બાહેધરી મળી જશે. તેનો અર્થ ખેડૂતોનું જોખમ ખરીદાર ઉઠાવશે. ખેડૂતો વાવેતર નક્કી કરી વાવેતર કરતા અગાઉ વીજળી ખાતરની ખરીદી કરી શકશે. તેમજ ઉત્પાદનની બજાર કિંમત વધી જાય તો ખરીદનારે એ પ્રમાણે કિંમત ભોગવવી પડશે... પછી ભલે ઉત્પાદનની કિંમત ઓછી કેમ નક્કી થઈ ન હોય. વિવાદ થાય તો નક્કી સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. નવા કાયદામાં અનાજ, કઠોળ,તલ,ખાદ્યતેલો, ડુંગળી, બટાકા વગેરે જીવન જરૂરી યાદીમાંથી બાદ કરવાનું પ્રાવધાન છે. આપત્તિ સમય સિવાય સંગ્રહ કરવાની કોઈ સીમા નથી જેવા પ્રાવધાન સહિત અનેક નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો છે......!! વંદે માતરમ

# એમડીએચના મસાલા કંપનીના માલિક મહાશય ધર્મપાલ ગુલાટીનું નિધન



ન્યુ દિલ્હી,તા.૩

દેશની અગ્રણી મસાલા કંપની 'મહેશિયા દી હટ્ટી'ના માલિક મહાશય ધર્મપાલજી ગુલાટીનું નિધન થયું છે. આજે સવારે ૫.૩૮ વાગ્યે તેમણે છેલ્લાં શ્વાસ લીધા. તેઓ ૯૮ વર્ષના હતા. કોરોનાથી સ્વસ્થ થયા બાદ હાર્ટ એટેકથી નિધન થયું. મહાશય ધર્મપાલ ૧૯૪૭માં થયેલા ભારત-પાકિસ્તાનના વિભાજન બાદ ભારત આવ્યા હતાં.

અહીં તેમને ઘોડા-ગાડી ચલાવીને સંઘર્ષપૂર્ણ જીવનની શરૂઆત કરી હતી અને આજે તેઓ દેશના મસાલા કિંગ બની ગયા છે. તેમને પદ્મવિભૂષણથી સમ્માનિત કરવામાં આવી ચુક્યા છે. મહાશય ધર્મપાલનો જન્મ ૨૭ માર્ચ, ૧૯૨૩ના રોજ સિયાલકોટ (હાલના પાકિસ્તાનમાં આવેલા એક શહેર)માં થયો હતો. વર્ષ ૧૯૩૩માં તેમને ધોરણ ૫નો અભ્યાસ અધુરો મુકી ભણવાનું છોડી દીધું હતું. વર્ષ ૧૯૩૭માં તેમણે પોતાના પિતાની મદદ્થી વ્યાપાર શરૂ કર્યો. તેમણે સાબુ, ગળી, કપડા, હાર્ડવેર, ચોખાનો વ્યાપાશર શરૂ કર્યો.

તેઓ લાંબા સમય સુધી આ વ્યાપાર ટકાવી ના શક્યા અને તેમના પિતાની સાથે ફરી વ્યાપાર શરૂ કર્યો. તેમને પોતાની પિતાની 'મહેશિયો દી હટ્ટી' નામની દુકાનમાં કામ શરૂ કરી દીધું. જેને આજે દેગી મિર્ચના નામથી ઓળખવામાં આવે છે. ૧૯૪૨માં તેમના લગ્ન થઈ ગયા હતાં. વિભાજનના કારણે તેમને સિયાલકોટ છોડવું પડ્યું હતું. તેઓ અમૃતસર આવી ગયા. અહીં તેમનું મન ના લાગ્યું. મોટા ભાઈ અને સગાસંબંધીઓ સાથે તેઓ દિલ્હી આવ્યા હતાં.

૨૭ સપ્ટેમ્બર ૧૯૪૭માં તેમની પાસે માત્ર ૧૫૦૦ રૂપિયા હતાં. કામ-ધંધો ના મળતા ૬૫૦ રૂપિયાની ઘોડા ગાડી ખરીદી અને નવી દિલ્હી રેલવે સ્ટેશનથી કુતુબ રોડ વચ્ચે ચલાવવાનું શરૂ કર્યું હતું. આ કામથી પણ તેમનું મન ભરાઈ ગયું. તેમનું મન પિતાના મસાલાના જુના ધંધામાં લાગેલુ હતું. તેમણે ફરી એકવાર અજમલ ખાં રોડ પર ખોખા બનાવીની દાળ, તેલ, મસાલાની દુકાન શરૂ કરી દીધી. અનુભવ હોવાથી દુકાન સારી ચાલવા લાવી.

આખરે તેમણે મસાલા બનાવવાના ધંધામાં ઝંપલાવ્યું. આજે એમડીએચ મસાલા નામની કંપનીને તેમણે ૨૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચાડી દીધી હતી.

# જાન્યુઆરીમાં પોલીટીકલ પાર્ટીનો પ્રારંભઃ રજનીકાંતની સત્તાવાર જાહેરાત

ન્યુ દિલ્હી,તા.૩

સુપરસ્ટાર રજનીકાંતે આજે તેમની પોલીટીકલ પાર્ટી ૩૧ ડિસેમ્બરે લોન્ચ થશે તેવી જાહેરાત કરી દીધી છે. આ વર્ષના અંતમાં રજનીકાંતની પોલીટીકલ પાર્ટી લોન્ચ થઇ જશે. રજનીકાંતે આ ડિસીઝન તેમના સિનીયર ઑફિસર્સ સાથે ચર્ચા કર્યા બાદ લીધુ હતુ. થોડા સમય પહેલા જ્યારે રજનીકાંતે રજની મક્કલ મન્ડરમના ઑફીસર્સ સાથે ચર્ચા કરી હતી અને ત્યારે તેમણે કહ્યું હતું કે જલ્દી જ પોલીટીકલ પાર્ટીને લઇને તે કોઇ નિર્ણય લેશે.

આજે તેમણે નિર્ણય લઇ લીધો છે અને ૩૧ ડિસેમ્બરે પાર્ટી લોન્ચ કરવાનો નિર્ણય કરી દીધો છે. રજનીકાંતે સોમવારે પોતાના ફોરમના ઑફિસર્સ સાથે પોતે રાજનૈતિક પાર્ટી બને તો કેવું રહેશે તે વાત પર ચર્ચા કરવા માટે મિટીંગ કરી હતી. તેમની આ બેઠક ચેન્નઇમાં રાઘવેન્દ્ર મંડપમમાં રજની મક્કલ મંડરમના જિલ્લા સચિવો સાથે થઇ હતી. રજની મક્કલ મંડરમના પ્રતિનીધિઓ સાથે રજનીકાંતે જ્યારે ૨૦૨૧માં રાજ્યની ચૂંટણી લડવાનો આગ્રહ કર્યો ત્યારે સુપરસ્ટારે તે લોકોને ધીરજ ધરવા કહ્યું હતું અને આ મુદ્દે કોઇ નિર્ણય લઇ જ લેવો જોઇએ તેવું કહ્યું હતું. બેઠકમાં તે વાત પર વિચાર વિમર્શ કરવામાં આવ્યો કે પોતાની પાર્ટી બનાવીને રાજનીતિમાં એન્ટ્રી કરે તો, સુત્રોના કહ્યાં મુજબ રજનીકાંતે કહ્યું કે જિલ્લા પ્રમુખ સંતોષકારક કામ નથી કરી રહ્યાં. જો તમે પરિશ્રમ કરશો તો જ આપણે આગળના સ્તર પર જઇ શકીશું. પાર્ટીની શરૂઆત કરવાનો નિર્ણય હું લઇશ. કેટલાક ઑફીસર્સનું કહેવું છે કે, રજનીકાંત પાસે વિજય પ્રાપ્ત કરવાની આ સુવર્ણ તક છે. તે જલ્દી જ પોતાનું પોલિટીકલ કરિયર શરૂ કરી શકે છે. આ બેઠક રજનીકાંતના એક નિવેદન બાદ થઇ હતી જેમાં તેમણે કહ્યું હતું કે, સાચો સમય આવવા પર હું રજની મક્કલ મંડરમના ઑફિસર્સ સાથે વિચાર કર્યા બાદ પોલીટીકલ પાર્ટી વિશે જાણકારી આપીશ.

# HDFC બેંકને નવા ક્રેડિટ કાર્ડ અને ડિજિટલ સેવા લોન્ચ ન કરવા RBIનો આદેશ

મુંબઈ,તા.૩

આરબીઆઈએ એચડીએફસી બેંકને નવી ડિજિટલ બિઝને એક્ટિવિટી લોન્ચ ના કરવા તેમજ નવા ક્રેડિટ કાર્ડ ઈશ્યૂ ના કરવા માટે જણાવ્યું છે. એચડીએફસીની ઈલેક્ટ્રોનિક બેક્ંિગ સર્વિસમાં વારંવાર સર્જાતી ક્ષતિને ધ્યાનમાં લઈ મધ્યસ્થ બેંકે આ આદેશ આપ્યો છે. આ સાથે બેંકના બોર્ડને વારંવાર સર્જાતી આ ક્ષતિની તપાસ કરી તેના અંગેની જવાબદારી નક્કી કરવા માટે પણ તપાસ કરવા કહેવાયું છે. દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેંક ગણાતી એચડીએફસીએ બુધવારે સ્ટોક એક્સચેન્જને જણાવ્યું હતું કે આરબીઆઈએ ૨ ડિસેમ્બરના રોજ આ આદેશ આપવામાં આવ્યો હતો. છેલ્લા બે વર્ષથી બેંકની ઈન્ટરનેટ બેક્ંિગ/મોબાઈલ બેક્ંિગ/પેમેન્ટ યુટિલિટીમાં સર્જાયેલી ક્ષતિને ધ્યાનમાં લેતા રિઝર્વ બેંકે આ આદેશ આપ્યો હતો. તાજેતરમાં જ ૨૧ નવેમ્બરના રોજ એચડીએફસી બેંકની ડિજિટલ બેક્ંિગ સેવા ખોરવાઈ ગઈ હતી, જેના કારણે અનેક ગ્રાહકો પોતાના ઈન્ટરનેટ બેક્ંિગનો એક્સેસ નહોતા કરી શક્યા. બેંકે તેની પાછળનું કારણ આપતા જણાવ્યું હતું કે તેના એક મહત્વના ડેટા સેન્ટરમાં વીજળીનો પુરવઠો ખોરવાઈ જતાં આ સમસ્યા સર્જાઈ હતી. છેલ્લા બે વર્ષમાં એચડીએફસી બેંકમાં આવી સમસ્યા અનેકવાર સર્જાઈ છે. જેની ગંભીર નોંધ લેતા આરબીઆઈએ બેક્રને આપેલા આદેશમાં જણાવ્યું છે કે તે હંગામી ધોરણે તમામ પ્રકારની નવી લોન્ચ થનારી ડિજિટલ એક્ટિવિટીને મોકૂફ રાખે, કોઈ નવી એપ કે આઈટી એપ્લિકેશન લોન્ચ ના કરે તેમજ નવા ક્રેડિટ કાર્ડ ઈશ્યૂ ના કરે. બેંકના ગ્રુપ આઈટી હેડ અને સીઆઈઓ મુનીષ મિત્તલે જુલાઈ ૨૦૨૦માં જ પોતાનું પદ છોડ્યું હતું, અને બેંકે રમેશ લક્ષ્મીનારાયણની તેમના સ્થાને નિમણૂંક કરી હતી.

એચડીએફસી બેંકની ડિજિટલ સેવાઓમાં સર્જાતી ક્ષતિ ઘણીવાર સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બને છે. જેમાં સર્વર ડીલેથી માંડીને ઓટીપી આવવામાં મોડું થવા જેવી બાબતો પણ સામેલ છે. બેંકે આ અંગે આપેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે તેણે પોતાની આઈટી સિસ્ટમને દુરસ્ત કરવા માટે અનેક પગલાં લીધા છે, અને આગામી સમયમાં પણ તે તેમાં સુધારા ચાલુ રાખશે. જોકે, આ મામલે આરબીઆઈએ આટલું કડક પગલું લીધું હોય તેવી આ પહેલી ઘટના છે. ઉલ્લેખનીય છે કે, એચડીએફસીબેંકના ૯૦ ટકા જેટલા ટ્રાન્ઝેક્શન ડિજિટલી જ થાય છે.

# વિવાદ વચ્ચે ભારત પાસેથી ૧ લાખ ટન ચોખા ખરીદશે ચીન

ન્યુ દિલ્હી,તા.૩

લડાખ સરહદે કાતિલ ઠંડીમાં પણ ભારત અને ચીન વચ્ચે તણાવ ઘટયો નથી. આવા સમયે ચીન ભારત પાસેથી ૧લાખ ટન ચોખા ખરીદશે. એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા મુજબ છેલ્લા ૩૦ વર્ષ પછી ભારત પ્રથમ વાર ચીનને ચોખાની નિકાસ કરી રહયું છે. પ્રાપ્ત માહિતી મુજબ ભારત અને થાઈલેન્ડ વિશ્વમાં ચોખાના સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકાર દેશો છે જયારે ચીન વિશ્વમાં સૌથી વધુ ૪૦ લાખ ટન ચોખા ખરીદે છે.

ચીન અત્યાર સુધી મુખ્યત્વે થાઈલેન્ડ, વિયેટનામ, મ્યાનમાર અને પાકિસ્તાન પાસેથી ચોખાની ખરીદી કરતું હતું. ભારતના ચોખાની ગુણવત્તા સારી નહી હોવાનું બહાનું કાઢીને ભારત પાસેથી ચોખા ખરીદતું ન હતું. હવે બદલાયેલા સંજોગોમાં ચીનને થાઈલેન્ડ અને પાકિસ્તાનની સરખામણીમાં ભારતના ચોખા પ્રતિ ક્વિન્ટલ ૩૦ ડોલર સસ્તા પડતા હોવાથી ચોખા ખરીદવા આકર્ષાયું છે.

# ભારતીયો માટે ખુશખબર, એચ-૧બીના નવા નિયમો પર કોર્ટે સ્ટે મૂકી દીધો

વોશિંગ્ટન,તા.૩

અમેરિકાની ટોચની આઈટી કંપનીઓ અને હજારો ભારતીય પ્રોફેશનલો માટે રાહત આપતા અમેરિકન કોર્ટે ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા પ્રસ્તાવિત એચ-૧બીના નવા નિયમો પર સ્ટે મૂકી દીધો છે.આ પ્રસ્તાવ વિદેશી કર્મચારીઓની નિમણૂંક કરવાની અમેરિકન કંપનીઓની ક્ષમતાને અસર કરતી હતી. એચ-૧બી વિઝા એક નોન ઈમિગ્રેશન વીઝા છે જે અમેરિકન કંપનીઓને વિશેષ વ્યવસાય માટે વિદેશી કર્મચારીઓની નિમણૂક કરવાની મંજૂરી આપે છે. આ વિઝા હેઠળ એવા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે છે જેમની પાસે સૈદ્ધાંતિક કે ટેકનિકલ જ્ઞાન હોય છે.

સામાન્ય રીતે આ વિઝા ત્રણ વર્ષ માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તેને રિન્યુ કરવામાં આવે છે. હાલમાં અમેરિકામાં ૬ લાખ એચ-૧બી વિઝાધારકો છે. જે પૈકી મોટે ભાગે અમેરિકા અને ચીનના છે. ૨૩ પાનાના આદેશમાં નોર્ધન ડિસ્ટ્રિક્ટ ઓફ કેલિફોર્નિયાના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ જેફ્રી વ્હાઈટે ટ્રમ્પ વહીવટીતંત્રની એ નીતિ પર સ્ટે મૂકી દીધો છે જેમાં અમેરિકન કંપનીઓને એચ-૧બી વિઝા પર નોકરી પર રાખવામાં આવતા વિદેશી કર્મચારીઓને વધારે પગાર ચૂકવવો પડતો. આ ઉપરાંત આ જજે ટ્રમ્પ વહીવટી તંત્રના વધુ એક નિયમ પર સ્ટે મૂકી દીધો છે જે યુએસ ટેકનોલોજી કંપનીઓ અને અન્ય નોકરીપ્રદાતાઓ એચ-૧બી વિઝાની યોગ્યતાને ઘટાડતો હતો.

આ ચુકાદા પછી ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીનો રોજગાર અને અન્ય મુદ્દા પર સાત ડિસેમ્બરથી અમલમાં આવનાર નિયમ હવે અમાન્ય થઇ ગયો છે. શ્રમ મંત્રાલયનો પગાર અંગેનો આઠ ઓક્ટોબરથી અમલમાં આવેલો નવો નિયમ પણ હવે માન્ય રહેશે નહીં. યુએસ ચેમ્બર્સ ઓફ કોમર્સ, બે એરિયા કાઉન્સિલ અને સ્ટેનફોર્ડ સહિતની યુનિવર્સિટીઓ દ્વારા ટ્રમ્પના એચ-૧બી વિઝા અંગેના નવા નિયમોને અમેરિકાની કોર્ટમાં પડકારવામાં આવ્યા હતાં.

# ચીન આગામી દાયકામાં દુનિયા માટે જોખમીઃ નાટો

**બ્રસેલ્સ,તા.૩**

યુરોપીયન અને નોર્થ અમેરિકન દેશોનાં મિલિટરી ગ્રુપ નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો)એ ચીનને આગામી દાયકામાં દુનિયા માટે જોખમરૂપ ગણાવ્યું છે. નાટોના એક્સપર્ટ ગ્રુપના રિપોર્ટ 'યુનાઈટેડ ફોર અ ન્યુ એરા'માં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બુધવારે આ રિપોર્ટ જારી કરાયો હતો. નાટોના આ રિપોર્ટમાં ચીનને વિસ્તારવાદી, સત્તા માટે લોકતંત્રને ખુલ્લો પડકાર આપનારો દેશ ગણાવાયો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ચીન ફુલ સ્પેક્ટ્રમ સિસ્ટમેટિક હરીફ છે. ઈકોનોમિક મજબૂતીનો મંજાયેલો ખેલાડી છે. તે એશિયાની સુરક્ષા માટે સૌથી મોટા જોખમરૂપ છે. તેણે પોતાની મિલિટરી પહોંચ એટલાન્ટિક સુધી વધારવાનું શરૂ કર્યુ છે. રશિયાની સાથે ચીનના સંબંધ મજબૂત થઈ રહ્યા છે. બંને મળીને લાંબી રેન્જવાળી મિસાઈલો, એરક્રાફ્ટ, એરક્રાફ્ટ કેરિયર, ન્યુક્લિયર એટેક સબમરીન જેવા હથિયારો મોટા પાયે તૈયાર કરી રહ્યા છે. નાટોના વિઝન ૨૦૩૦માં જણાવાયું છે કે ગ્રુપના તમામ દેશોએ મળીને ચીનની વિરુદ્ધ લડાઈ લડી રહેલા મિત્ર દેશોની રક્ષા કરવી જોઈએ. તેમની સુરક્ષા અને તેમને મજબૂત કરવાનું કામ કરવું જોઈએ.

## ફોર્ચ્યુન ઈન્ડિયાની યાદી જાહેર

# દેશની ૫૦૦ દિગ્ગજ કંપનીઓની યાદીમાં રિલાયન્સ ટૉપ પર




ન્યુ દિલ્હી,તા.૩

ફોર્ચ્યુન ઈન્ડિયાએ દેશની ૫૦૦ દિગ્ગજ કંપનીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની આગેવાનીવાળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ શિખર પર રહી. ફોર્ચ્યુન ઈન્ડિયાએ કહ્યું કે ભારતની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન બીજા સ્થાન પર રહી. ત્યારબાદ ઓએનજીસીનું સ્થાન છે. યાદીમાં દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ચોથા સ્થાન પર છે. યાદી ફોર્ચ્યુન ઈન્ડિયાએ જાહેર કરી છે જે કોલકાતા સ્થિત આર. પી. સંજીવ ગોયન્કા સમૂહનો હિસ્સો છે.

૧. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

૨. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન

૩. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન

૪. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

૫. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ

૬. ટાટા મોટર્સ

૭. સ્વર્ણ પ્રસંસ્કરણ સાથે જોડાયેલી રાજેશ એક્સપોર્ટ

૮. દેશની સૌથી મોટી આઈટી સેવા કંપની ટાટા કન્લ્છટન્સી સર્વિસિસ

૯. દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેંક આઈસીઆઈસીઆઈ

**૧૦. લાર્સન એન્ડ ટૂબ્રો**

આ પહેલા ઓગસ્ટમાં જાહેર વૈશ્વિક રેક્ંિગમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧૦ સ્થાનની છલાંગ મારીને ફોર્ચુન ગ્લોબલ ૫૦૦ યાદીમાં ટૉપ ૧૦૦ કંપનીઓમાં સામેલ થઈ ગઈ હતી. નોંધનીય છે કે, પેટ્રોરસાયણ, રિટેલ અને ટેલિકોમ જેવા સેક્ટરમાં કામ કરનારી રિલાયન્સને ફોર્ચ્યુનની ૨૦૨૦ની આ વૈશ્વિક કંપનીઓની યાદીમાં ૯૬મું સ્થાન મળ્યું હતું. ફોર્ચ્યુનની ટૉપ ૧૦૦ની યાદીમાં સામેલ થનારી રિલાયન્સ એકમાત્ર ભારતીય કંપની હતી. આ પહેલા રિલાયન્સ આ યાદીમાં ૨૦૧૨માં ૯૯મા સ્થાને રહી હતી. ફોર્ચુન ગ્લોબલ ૫૦૦માં ૩૪ પોઈન્ટ પછડાઈને જાહેર ક્ષેત્રની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન ૧૫૧મા સ્થાન પર રહી હતી. બીજી તરફ ઓએનજીસીનું રેક્ંિગ ગયા વર્ષની તુલનામાં ૩૦ સ્થાન ઘટીને ૧૯૦ રહ્યું. દેશની સૌથી મોટી બેંક એસબીઆઈનું રેક્ંિગ ૧૫ સ્થાનના સુધાર સાથે ૨૨૧મા સ્થાન પર હતું. આ યાદીમાં સામેલ થનારી અન્ય ભારતીય કંપનીઓમાં ભારત પેટ્રોલિયમ ૩૦૯, ટાટા મોટર્સ ૩૩૭ અને રાજેશ એક્સપોર્ટ્સ ૪૬૨મા સ્થાને છે.

# ભારત એક સાથે કોરોનાની ૬ રસી પર કરી રહ્યું છે કામ

ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વાયરસ સંક્રમણના નિયંત્રણ અને પ્રબંધન માટે દુનિયાના અલગ-અલગ દેશોમાં કોશિષો ચાલુ છે. રૂસ, ચીનઅને બ્રિટનએ જ્યાં રસી પ્રાપ્ત કરી લીધી છે ત્યાં કેટલાંય દેશોમાં હજુ પણ રિસર્ચ ચાલુ છે. આપને જણાવી દઈએ કે ચીને બીજી ચાર અને રૂસે ૨ વેક્સીનના ક્લિનિકલ ટ્રાયલને પૂરી કર્યા બાદ મંજૂરી આપી દીધી. ત્યારબાદ બ્રિટેનએ ફાઇઝરની રસીને ઈમરજન્સીમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. તો ભારતમાં પણ ૬ કોરોના રસી પર કામ ચાલી રહ્યું છે. તેમાંથી બે વેક્સીનના માર્ચ ૨૦૨૧ સુધીમાં આવવાની સંભાવના છે.

**૧. કોવીશીલ્ડ- ઈમરજન્સી અપ્રૂવલ માટે અરજી કરશે સીરમ**

રસી બનાવનાર પ્રમુખ કંપની સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાએ શનિવારના રોજ કહ્યું કે તેઓ ભારતમાં એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફોર્ડની કોવિડ-૧૯ રસીના ઈમરજન્સી ઉપયોગના લાઈસન્સ માટે આવતા બે સપ્તાહમાં અરજી કરવાની પ્રક્રિયામાં છે. એસએલએલના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યું કે રસીના ૪૦ લાખ ડોઝ તૈયાર થઈ ચૂકયા છે. કહેવાય છે કે આ રસી સરકારને ૨૨૫ રૂપિયા અને સામાન્ય લોકોને ૫૦૦ રૂપિયા સુધીમાં મળશે.

**૨. કોવેક્સીન- ફેબ્રુઆરી કે માર્ચ સુધીમાં કરી શકે છે ઈમરજન્સી અપ્રૂવલ માટે અપ્લાય**

ભારત બાયોટેક, એનઆઈવી અને આઈસીએમઆર સાથે મળીને બનાવેલ રસીને અત્યાર સુધીમાં બે તબક્કાનું ટ્રાયલ કરી ચૂકયા છે. હજી સુધી કોઇ વેકસીન વોલેન્ટિયર પર તેની સઇડ ઇફેકટ દેખાઇ નથી. કંપનીએ નવેમ્બરમાં જ ૨૫ જગ્યા પર તેના ત્રીજા તબક્કાનું ટ્રાયલ્સ શરૂ કર્યું છે. હજુ સુધી કંપનીએ નક્કી નથી કર્યું કે આ વેક્સીનની કિંમત શું હશે. પરંતુ ફેબ્રુઆરી કે માર્ચમાં તેના ઈમરજન્સી અપ્રૂવલ માટે અરજી કરી શકે છે.

**૩. ડૉ.રેડ્ડીઝ, આરડીઆઈએફ એ ભારતમાં શરૂ કર્યું સ્પૂતનિક-ફ રસીનું પરીક્ષણ**

ડૉ.રેડ્ડીઝ લેબોરેટરી અને રૂસી ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ ફંડ એ મંગળવારના રોજ કહ્યું કે તેમણે કોરાના વાયરસની સ્પૂતનિક-ફ રસીનું ભારતમાં બીજા અને ત્રીજા તબક્કાનું પરીક્ષણ શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે કસૌલી સ્થિત ઔષધિ પ્રયોગશાળામાંથી જરૂરી મંજૂરી મળ્યા બાદ પરીક્ષણ શરૂ થઇ ગયું છે.

**૪. ઝાયડસ કેડિલા ત્રીજા તબક્કાની તૈયારીમાં**

દવા બનાવતી કંપની ઝાયડસ કેડિલા એ કોરોનાની સંભવિત રસી ઢઅર્ઝ્દૃ-ઙ્ઘનો વિકાસ કર્યો છે. કંપનીએ તાજેતરમાં જ પોતાની રસીના પહેલાં તબક્કાનું ટ્રાયલ કરવાની જાહેરાત કરી હતી. કંપનીએ હજી સુધી એ સ્પષ્ટતા નથી કરી કે રસીનો ભાવ શું રહેશે.

**૫. હૈદરાબાદની બાયોલોજિકલ ઈ સાથે રસી માટે કરાર**

અમેરિકન કંપની ડાયનાવેક્સ ટેકનોલોજી કોર્પોરેશન અને હ્યુસ્ટનના બેયલર કોલેજ ઓફ મેડિસિન એ મળી રસી બનાવી છે. તેના માટે કંપનીએ હૈદરાબાદની બાયોલોજિકલ ઈ એ રસી માટે કરાર કર્યો છે. તાજેતરમાં જ તેનું ફેઝ ૧ અને ૨ નું ટ્રાયલ શરૂ કરાશે. તેના માટે દીસીજીઆઈમાંથી મંજૂરી મળી ગઈ છે.

**૬. પૂણેના જીનેવા ફાર્મા અને એચડીટી બાયોટેકની રસી**

અમેરિકાની એચડીટી બાયોટેક કોર્પોરેશનની સાથે પૂણેની કંપની જીનેવા ફાર્મા એ એમઆરએનએ વેકસીન એચજીસીઓ૧૯ વિકસિત કરી છે. હજુ સુધી કંપનીએ ફેઝ ૧/૨ માટે અપ્લાય કર્યું નથી. હીજી ધી માનવીય શરીર પર તેનું ટ્રાયલ શરૂ થયું નથી પરંતુ ૨૦૨૧ જુલાઇ બાદ તે પણ બજારમાં આવવાની શકયતા છે.

# કોરોના કહેર:અમેરિકામાં રેકોર્ડ ડેથ, એક દિવસમાં ૨૯૫૭ લોકોનાં મૃત્યુ

વોશિંગ્ટન,તા.૩

વિશ્વમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૬.૪૮ કરોડને પાર પહોંચી ગયો છે. ૪ કરોડ ૪૯ લાખથી વધુ લોકો સાજા થઈ ગયા છે. અત્યારસુધીમાં ૧૪ લાખ ૯૮ હજારથી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. અમેરિકામાં એપ્રિલ પછી વધુ એક વખત એક દિવસમાં ૨૯૫૭ લોકોનાં મૃત્યુ થયાં છે. ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ વેલેરી ગિસકાર્ડ ડિઅસ્ટેંગનું સંક્રમણથી નિધન થઈ ગયું છે. તેઓ ૯૪ વર્ષના હતા. ઈન્ટરપોલે તમામ દેશોને ચેતવણી આપી છે, એમાં નકલી વેક્સિનથી પણ સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ વેલેરી ગિસકાર્ડ ડિએસ્ટેંગનું કોરોના વાઈરસથી સંક્રમિત થયા પછી નિધન થયું છે. ૯૪ વર્ષના વેલેરી યુરોપીય દેશોને એક કરવા માટે જાણીતા છે. અમેરિકામાં બુધવારે સંક્રમણથી ૨ હજાર ૯૫૭ લોકોનાં મોત થયાં છે. જોન હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, એ ૧૫ એપ્રિલ પછી એક જ દિવસમાં થનારાં સૌથી વધુ મૃત્યુ છે. ૧૫ એપ્રિલે એક દિવસમાં કુલ ૨ હજાર ૬૦૭ લોકોનાં મોત થયાં હતાં.

ઈન્ટરપોલે બુધવારે રાતે એક ગ્લોબલ એલર્ટ બહાર પાડ્યું છે. એમાં તમામ દેશોને કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ના સમયમાં કેટલાક લોકો સંગઠિત અપરાધમાં સામેલ થઈ રહ્યા છે અને તેઓ નકલી કોરોના વેક્સિન સપ્લાઈ કરી શકે છે. પેરિસ મુખ્યાલયમાંથી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં એજન્સીએ કહ્યું હતું કે તેણે આ અંગે ૧૯૪ દેશને એલર્ટ કર્યા છે. એમાં કહેવામાં આવ્યું છે કે લોકો સુધી નકલી વેક્સિન ન પહોંચે એની તકેદારી રાખવામાં આવે.

# તમિલનાડુ અને કેરળ તરફ વાવાઝોડું 'બુરેવી' આગળ વધતા ૪ જિલ્લાઓમાં રેડ એલર્ટ

)ન્યુ દિલ્હી,તા.૩

વાવાઝોડું નિવારના એક સપ્તાહની અંદર ફરીથી વધુ એક વાવાઝોડું ત્રાટકવાની સંભાવના છે. દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલું દબાણ મજબૂત થઈને વાવાઝોડું 'બુરેવી' પરિવર્તિત થયું છે. શ્રીલંકાના દરિયાકાંઠે આ વાવાઝોડું ત્રાટકે તેવી શક્યતા છે.ભારતીય હવામાન વિભાગ(આઈએમડી)એ પણ બુરેવી વાવાઝોડા અંગે એલર્ટ જારી કરી છે. હવામાન વિભાગે કેરળના ચાર જિલ્લાઓ તિરૂવનંતપુરમ, કોલ્લમ, પઠાનમિથટ્ટા અને અલાપ્પુઝામાં ૩ ડિસેમ્બર માટે રેડ એલર્ટ જારી કરી છે.

આઈએમડીએ એક બુલેટિનમાં જણાવ્યું છે કે શ્રીલંકાના ત્રિકોમાલીમાં ત્રાટક્યા પછી વાવાઝોડું બુરેવી મન્નારની ખાડી તથા તમિલનાડુમાં કન્યાકુમારીની આસપાસ કોમરિન વિસ્તારની તરફ આગળ વધશે તેવી શક્યતા છે. ત્યારબાદ તે ચોથી ડિસેમ્બર સવારે કન્યાકુમારી અને પમ્બનની વચ્ચ દક્ષિણ તમિલનાડુના દરિયાકાંઠાને પાર કરશે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે બુધવાર બપોરે ૨.૩૦ વાગ્યે વાવાઝોડું બુરેવી શ્રીલંકાથી ૧૧૦ કિમી ઉત્તર પૂર્વ, તમિલનાડુના પમ્બનથી ૩૩૦ કિમી દક્ષિણ-પૂર્વ અને કન્યાકુમારીથી ૫૨૦ કિમી ઉત્તર પૂર્વમાં હતું.

આઈએમડીના જણાવ્યા અનુસાર ૩ ડિસેમ્બરે બપોરે વાવાઝોડાની ગતિ ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની રહેશે અને તે પમ્બનની ખૂબ જ નજીક હશે. ત્યારબાદ તે બપોર સુધી પમ્બનમાં લગભગ પશ્ચિમ દિલ્હીની તરફ વધશે. તમિલનાડુના કન્યાકુમારી, તિરૂનેલવેલી, થુથુકુડી, તેનકાસી, રામનાથપુરમ અને સિવાગંગઈમા ભારે વરસાદ પડવાની શક્યતા છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર

**NG 0052**

વિષય : "સમયનાં વહેણ"

શીર્ષક : "વહેતો પ્રવાહ"

પ્રકાર : ગદ્ય

સાંભળે છે "બિટ્ટુની મા" આંખે ચશ્મા બરાબર કરતાં મોહનભાઈ તેમની ધર્મ પત્ની માયાબહેનને કહી રહ્યા છે.

"હા ,બોલોને તમારી વાત આખી જિંદગી સાંભળતી તો આવી છું" મીનાબહેન હસતાં હસતાં બોલી રહ્યા.

"તારી વાત વાતમાં મઝાક કરવાની ટેવ આટલી ઉંમરે પણ ન ગઈ તે ન જ ગઈ."

"વાંદરો ઘરડો થાય પણ ,તે ગુલાટી મારવાનું ભૂલે ?"

મોહનભાઈ ખડખડાટ કરતાં હસી પડ્યા.

આમ એકમેકને હસી હસાવી બન્ને યુગલ સમય પસાર કરી લેતાં.

"હવે જે વાત કરવાની છે તે કરો ને" નહિંતર પાછી તે વાત પણ ભૂલાઈ જશે અને મને આખો દિ ચેન નહી પડે "કામમાં મન નહી પરોવાય."

"ઠીક છે , ઠીક છે" કહું છું. આપણો છોકરો હવે લગ્ન કરે એવો થઈ ગયો છે,તેની હારુ કોઈ કન્યા જોઈ કે નહી.

એમ તો આખાં સમાજની પંચાત કરતી ફરે છે ,છોકરાં હાટુ કોઈ માંગુ નથી આવતું કે શું?

"હા બિટ્ટુના પપ્પા આવે તો છે ,પણ હજી બિટ્ટુની હા તો થવા દયો પછી વાત."

મોહનભાઈ : " માયા " બિટ્ટુની કે તારા હા ની.....

"સાંભળ મારી વાત" હવે ઉંમર ઝાઝી થઈ આંખે ઝાંખપ આવવાં લાગી છે,હવે બિટ્ટુને પરણાવી તેનો ઘર સંસાર જોવાની ઈચ્છા છે.

"એક આ જવાબદારી માથેથી ઉતરી જાય , પછી કોઈ બોજ નહી."

આ ઉંમરે વધુ કોઈ ઈચ્છા નથી.પછી ખુશી ખુશી ઈશ્વર બોલાવી લે તો કોઈ હરખ શોક નહી.

માયાબહેન : "તમારે વળી બહુ ઉતાવળ લાગે છે જવાની ,હજી તો ઘણી વાર છે."

મોહનભાઈ : "માયા જોત જોતામાં સમય કયાનો ક્યા જતો રહ્યો ,તેનું ભાન જ ન રહ્યુ,લગ્ન પછી તો જવાબદારીઓ એટલી આવી પડી,(એક બાજુ બાપુજી સ્વર્ગવાસી થયા,એટલે આખા ઘરનો ભાર ખભે આવી ચડ્યો. ) આ ખભે ભાર ખેંચતા ખેંચતા આજે કેટલાં વર્ષો નીકળી ગયા , તેનો અંદાજો જ ન રહ્યો.

મોહનભાઈ : "માયા ★સમયનાં આ વહેતાં પ્રવાહમાં★ આપણે ક્યાથી ક્યા આવી પહોંચ્યા,જો તો ખરી" આપણો દીકરો હવે લગ્ન કરે તેવો મોટો થય ગયો.

માયાબહેન હામી ભરતા "હા તમારી વાત બિલકુલ સાચી" હું આજે જ આપણાં સમાજમાં છોકરાંની વાત નાખું છું.

"એટલે તમારાં ખભેથી આ ભાર પણ ઉતરી જાય. એમ જ ને...."

મોહનભાઇ : "મારી વાત તું સમજી જલદી જાય છે."

માયાબહેન : "વાત ગોળ ગોળ ફેરવી તમે મને છોકરાંના લગ્ન માટે મનાવી લીધી ,એમ જ ને."

સંજય તરબદા "સાંજ" વડોદરા

----------------------------------------

**NG / 0054**

વિભાગ - ગદ્ય

શીર્ષક : કારણ હવે!

વિષય : સમયના વહેણ

પ્રકાર : લઘુવાર્તા

ભગવાન સ્ત્રીને લગ્ન પછીની જિંદગીનાં બે તરફી નાટક કરાવી કરાવીને એટલી શક્તિ આપી દે છે પોતાને જો દુઃખ પડયું હોય તો પણ એ પોતે ભૂલી જાય.સમયના વહેણ સાથે સમય વહેતો જાય છે પણ નથી બદલાતી તો પરિસ્થિતિ..!

આજે મને પેટમાં અતિશય દુઃખાવો હતો. ઉઠવામાં આજે રોજ કરતા થોડું મોડું થઈ ગયું. ઘડિયાળ બાજુ નજર કરીને મને થયું આજે પણ રોજની જેમ મોડું ન થાય તો સારું એ વિચારે આમતેમ મારી જાતને થોડી ફ્રેશ થઈને ફટાફટ કામ કરવા રસોડામાં દોડી ગઈ. હજી તો શુભ સવારમાં ભગવાનનું નામ બોલી પતિદેવ સાથે વાત કરું ત્યાંતો..!

"આજ કાલ તારા પણ નાટક બહુ વધી ગયા છે, પ્રોબ્લેમ શું છે મારા થી ? હવે આ લાસ્ટ એન્ડ ફાઈનલ.. છે તારા માટે.. કહી દીધું..!"

જો તુ તારા આવા રોજના નાટક તું બંધ નહિ કરે તો એક દિવસ આપણે.......!

આટલું કહી ગુસ્સામાં બહારની તરફ જતા રહ્યા.

એકતો પેટનો અતિશય દુઃખાવો ને સાથે સાથે પતિનું આવું સ્વરૂપ! બસ, મારી સવાર જ કેમ પડી આજે!મનોમન હું દુઃખી થઈ ગઈ. બહુજ દુઃખ સાથે હિંમત સાથે પોતાના મનને સમજાવ્યું કે આ તો રોજનું લાગ્યું છે આમ સમજણ સાથે મનને કાર્યમાં વાળી, વળી પાછી હસતા ચહેરે હું મારા રોજીંદા કામે લાગી ગઈ. કામ સાથે મારી અંદર ચાલતા અનેક વિચારો સાથે અંદરોઅંદર પ્રશ્ન પર પ્રશ્ન મને થવા લાગ્યા. ટાઇમ સર. ર.. ર.. કરતો જતો હતો. બધા પોતપોતાના કાર્યમાં વ્યસ્ત પણ થઈ ગયા. મારા પતિનો પણ ઓફિસે જવાનો સમય થતાં એ પણ ગુસ્સામાં ઓફિસ જવા નીકળી ગયા. પતિના ગુસ્સાની વાતોને મગજમાં ન લેતા એમને આવજો કહી હું ઘરનો દરવાજો બંધ કરી ફરીથી મારા કામમાં વ્યસ્ત રહેવા માંડી.

થોડીવારમાં પપ્પાનો ફોન આવ્યો. એ જોઈ મેં આંખોને લૂછી.. અવાજને ખોંખારીને જાણે કાંઈ બન્યું જ ન હોય એમ મેં હેલો.. હેલો.. હા પપ્પા! બોલો.. પપ્પા.. પપ્પા કરીને.. હું મઝામાં છું. તમે કેમ છો..? ક્યારે આવો છો બોલો અહીં દીકરીને ત્યાં રહેવા? હવે તો દિવાળી આવશે નહિ!કેટલા દિવસ રહ્યા! એમની સાથેની થોડી વાતચીત પછી ઘડિયાળ બાજુ નજર ફેરવતા ચાલો હું મળું પછી આપ ને હો પપ્પા,એમ કરીને મેં પપ્પાને આવજો કહી ઝટથી ફોન મૂકીને હું આમતેમ બહાર જોવા માંડી . મનમાં બોલી ચાલો બાપા કામે લાગી જાઉં,એટલામાં બાઇક નો અવાજ સંભળાયો એ આવી ગયા હતા. મને એમકે બધું બરાબર થઈ ગયું હશે. એમ વિચાર સાથે બારણું ઉઘાડવા જાઉં ,ત્યાંતો સવારનો એમનો ગુસ્સા ભર્યા અંદાજમાં ડોર બેલ એક પર એક વગાડતા ગયા. હું ગેસ ને બંધ કરીને અંદર રસોડામાથી બહાર દરવાજો ખોલવા જઉં ત્યાંતો બહારથી જોર જોરથી ગુસ્સા ભર્યો એમનો અવાજ સંભળાયો. બોલ્યા : "અલી શું કર્યા કરે છે? બારણું ખોલતા આટલી બધી વાર? કેમ વાર લાગી?"

હું બારણું ખોલું ને બોલું કે.. હું... રસો.. ડા.. માં..મારું વાકય પૂરું કરું ને કઈ આગળ બોલું, એ પેહલાતો બારણાને ધક્કો મારી સીધી જ મને એક ઝાપટ આપી દીધી..એજ રોજ રોજનો એમનો ગુસ્સો, એજ એમનું મને મારવું, ગુસ્સામાં મને સાંભળ્યા વગર મને ગમે તેમ બોલવું..

સાચું કહું હવે બહુ થયું. આમ રોજ રોજના બેતરફી નાટક કરી કરીને બહુજ થાકી ગઈ છું... પણ, કરવું શું..? સહન જ ને..! સમય નુ શું છે. એતો વહેતો જાય છે. એ ક્યાં કદી પણ કોઈનું સાંભળે છે? દિવસો ગયા ને સાથે એમના આ સ્વભાવ સાથે મારા વર્ષો પણ એમની સાથે વીતી ગયા. સમય નો વહેણ તો વહી ગયું પણ.. મારે જે જોઈતું એ મને ન મળ્યું તે ન જ મળ્યું..?

ખેર, આમ ને આમ સમયના વહેણ સાથે સુખ દુઃખના ખ્યાલ બદલાતા રહેશે એ વિચારે ઘણાં સમયે આજે આખરે મારા બેતરફી નાટકનો અંત આવ્યો.

આજે બહુ હિમ્મત સાથે હું એમના ફોટા પર હાર ચઢાવી રહી છું..!

સપના શાહ ગોધરા

----------------------------------------

**NG/022**

વિષય : સમયનાં વહેણ

વિભાગ : ગદ્ય

શિર્ષક : સમય સમય બલવાન હૈ

લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા

આજે તે ગામડે આવ્યો અને તેની મર્સિડીઝ બેન્ઝમાંથી ઉતર્યો ત્યાં જ તેને ચાર પાંચ જણ? ઘેરી વળ્યા અને તેની ખેરખબર પૂછવા લાગ્યા.

"કેમ છો ભાર્ગવભાઈ? કેવું ચાલે છે? શહેરમાં બધું કેમ છે? આ ગાડી તો નવી લાગે છે?"

"એ'લા તને ખબર છે કાંઈ આ મર્સીડી છે પચા લાખની આવે. એનાથી હાથ આઘો રાખજે ડાઘો પડી જશે."

એવા જુદા જુદા સંવાદો ભાર્ગવના કાને પડવા લાગ્યા. થોડી સામાન્ય વાતો કરીને ગાડી ઘર તરફ લીધી. તે જાણતો હતો કે આ બધો પ્રતાપ પૈસાનો છે. થોડા વર્ષો પહેલાં આ જ લોકો તેના ઘરને હડધૂત કરતા હતા. બધા માટે તે ભગલો હતો.

પિતાજીનું મૃત્યુ અને તે વખતે તેમના માથે ચડેલું દેવું. તે વખતે ગામમાંથી કોઈએ તેમનો હાથ ઝાલ્યો નહોતો. સવલી સાથે તેનું સગપણ થયું હતું તે પણ તેના બાપા હરગોવનદાસ તોડી ગયા હતા.

ભગ્ન હ્રદયે તેણે ગામ છોડ્યું અને થોડા સમયબાદ તેનું નસીબ ખુલ્યું અને તે ભગામાંથી ભાર્ગવસેઠ બની ગયો હતો. છેક દસ વર્ષે તે ગામમાં આવ્યો હતો.

દિવસભર લોકો તેને મળવા આવતા રહ્યા પણ તેને જેનો ઇંતેજાર હતો તે છેક મોડી સાંજે દેખાણા હરગોવનદાસ. તેમણે આવીને ભાર્ગવની માતા કાંતાબેનને જયશ્રીકૃષ્ણ કર્યા અને કહ્યું,"લાભુભાઈ તો મારા અંગત મિત્ર હતા. હવે એકવાર થયેલી ભૂલ ફરી નહીં કરું. મારી નાની દીકરી રીટાનું માગું લઈને આવ્યો છું. ભાર્ગવકુમાર, તમે તેને પોતાની ઝોળીમાં લઈ લો."

આંગણામાં બેસેલા ભાર્ગવે આસમાન તરફ જોયું, સમયનું વહેણ બદલાઈ ચુક્યું હતું.

સમાપ્ત

----------------------------------------

**NOG NO:0031**

પ્રકારઃ-ગદ્ય(લઘુકથા)

શબ્દઃ સમયના વહેણ

શીર્ષકઃ- સ્વાર્થી

અસ્મિતાબેન શૂના ઘરમાં ભીતને ટેકે બેઠા બેઠા આંસુ સારી રહ્યા હતા, અને મનમાં વિચારી રહ્યા હતા કે સમયનાવહેણ એક મહામારી વિશ્વભરમાં ફેલાતા કેટલાં બદલાય ગયાં એકબીજાને મદદ કરવા તત્પર રહેતો માનવી આજે પોતાના જીવન માટે કેટલો સ્વાર્થી બની ગયો છે કે જેઆડોશી-પાડોશીને, સગાં-વહાલાંને જેને જરૂર પડ્યે રાત-દિવસ જોયા વગર હું તેમની સાથે ઉભી રહી હતી, તેઓ આજે જ્યારે મારો એકનો એક દીકરો કોરોના સામેની જંગ હારી ગયો અને મૃત્યુને ભેટ્યો ,તો કોઇ પણ વ્યક્તિ પોતાને પણ ક્યાંક આ બિમારીનો ભોગના બની જવાય એ ડરથી કોઇ મને સાંત્વનાના બે શબ્દો કહેવા પણ ન આવ્યા.

આ કળિયુગની પરાકાષ્ઠા આવી ગઇ કે લોકોની માણસાઈ મરી પરવારી!.

મેઘલ ઉપાધ્યાય રાજકોટ




# ખેડૂત વિરોધી ત્રણ અધ્યાદેશ/કાયદાઓનો વિરોધ દેશના ૨૫૦ કરતા પણ વધારે ખેડૂત સંગઠનો શા માટે કરી રહયા છે.....?

છેલ્લા એક દોઢ મહિનાથી ભારતભરમાં ત્રણ અધ્યાદેશ ખેડૂત વિરોધી છે તેવા દાવા સાથે ભારતના ૨૫૦ કરતા વધારે ખેડૂત સંગઠનો એક સાથે ×ખેડૂત સંઘર્ષ સમિતિ× બનાવી તેના નીચે સરકાર સામે સતત લડી રહ્યા હતા અને તેમ છતાં સરકારે ત્રણેય અધ્યાદેશને બંધારણથી ઉપરવટ જઈ લોકસભા અને રાજયસભામાં જબરજસ્તીથી પસાર કરી દીધા.

બંધારણથી ઉપરવટ શા માટે ગયા

ભારતમાં બંધારણ મુજબ જે સંઘીય ઢાંચો છે તેમાં કેન્દ્ર સરકારને રાજ્ય સરકારને ચોક્કસ વિષય ફાળવેલા છે અમુક વિષય રાજ્ય અને કેન્દ્ર સરકારના સયુંકત વિષય છે કૃષિક્ષેત્ર એ રાજ્ય સરકારનો વિષય છે તેમ છતાં કેન્દ્ર સરકારે તેમાં હસ્તક્ષેપ કરી તેના પર કાયદો બનાવ્યો એટલું જ નહીં રાજ્યસભામાં આ કાયદા માટે કાયદેસર મતદાન કરાવ્યું હોત તો કદાચ પસાર ન થઈ શકે તેવી સ્થિતિ દેખાતા સરકારે જબરજસ્તીથી મતદાન કરાવવાનું ટાળી તેની જગ્યાએ તાળીઓ પાડી ધ્વનિમત દ્વારા કાયદો પસાર કરી બંધારણ લોકશાહીની હત્યા કરી

આ ત્રણ કાયદાઓ ક્યા ક્યા છે...

૧) માર્કેટિંગ યાર્ડ કાયદામાં સુધાર

જે મુજબ APMC એક્ટમાં સુધારો કરી માર્કેટને ખુલ્લું મુકવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવે છે ભારતમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ જગ્યાએ પોતાનો માલ વેચી શકે

૨) આવશ્યક ચીજવસ્તુઓ ધારો

જે મુજબ ઘઉં, ડાંગર, જેવી ખાધાન્ય - આવશ્યક ચીજ વસ્તુ ગમે તે ખરીદી શકશે, વેચી શકશે એનો એની ઈચ્છા મુજબ સંગ્રહ કરી શકશે

૩) ફાર્મિંગ એકટ

જે મુજબ કોઈપણ વ્યક્તિ કે કંપની ખેતી ક્ષેત્રે જંપલાવી શકશે ખેડૂતો સાથે કોન્ટ્રાકટ કરી ખેતી કરી શકાશે, ખેતી કરાવી શકશે

ફાયદાઓ શું

જાણકાર એમ કહે છે કે ફાયદો એક જ છે કે ખેડૂત અને ગ્રાહક વચ્ચે વચેટીયાઓ છે એ હટી જશે અને તેની જગ્યાએ મસમોટી જાયન્ટ કંપનીઓ આવશે તે ખેડૂતોને સીધો ફાયદો આપશે આના સિવાય બીજો કોઈ ફાયદો આ વિષયના જાણકારો પણ ગણાવી શકતા નથી

નુકશાન શું.....

વચેટીયા એટલે કોણ...નાના નાના વેપારીઓ જેઓ આપણાં ખેતર પરથી માલ લઈ જાય છે, જેઓ માર્કેટિંગ યાર્ડમાં પોતાની દુકાનો લઈને બેઠા છે, જેઓ નાના નાના શહેરોમાં મિલ કે ઉત્પાદનના કારખાના નાખીને બેઠા છે એ જ વચેટીયા છે હવે સરકાર એને હટાવી મોટી કંપનીઓને વેપાર કરવાની છૂટ આપે છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે આ કંપનીઓ ખેડૂતોની સેવા કરવા આવે છે કે નફો કમાવા....??? જો નફો કમાવા આવતી હોય તો એ ખેડૂતોને માલામાલ કરી જ દેશે એની ગેરેન્ટી સરકાર આપવા તૈયાર નથી ત્યારે ખેડૂતો સાથે રહી કરાર નહિ આત્મીયતાના સંબધોથી વેપાર કરતા નાના વેપારીઓની જગ્યાએ કરાર આધારિત આવતી કંપનીઓ ખેડૂતોને કેમ ફાયદો કરશે એનો જવાબ કોઈ પાસે નથી ટૂંકમાં ભૂત કાઢ્યું તો ચુડેલ વળગી જેવી સ્થિતિ ખેડૂતોની થશે

ત્રણેય કાયદાઓ એકસાથે કંપનીઓને કેમ ફાયદો કરશે

APMC એકટ હટાવવાથી મોટી મોટી કંપનીઓ ગેમ ત્યાંથી ગમે તેટલો માલ ખરીદી શકશે આવશ્યક ચીજ વસ્તુ ધારો હટવાથી કંપનીઓ પોતાના મોટા મોટા ગોદામ ઉભા કરી એમાં એની ઈચ્છા મુજબ ચાહે એટલો માલનો સંગ્રહ કરી શકશે અને ફાર્મિંગ એકટથી ખેડૂતોના ખેતરમાં કંપનીઓ જ ઉત્પાદન કરશે

એટલે થશે એ કે ખેડૂતોના ખેતરમાં કંપનીઓ વાવેતર પોતે કરશે અથવા ખેડૂતો પાસે કરાવશે એમાં ઉત્પાદન થયેલો માલ કે ખેડૂતો પાસેથી લીધેલો માલનો સંગ્રહ કરશે ને પોતાની મરજી મુજબ વેચશે એમાં સરકારનો કોઈ કંટ્રોલ નહિ હોય ૨૫ - ૫૦ કંપનીઓ સાથે મળી એની ઈચ્છા મુજબ ભાવ આપી માલ ખરીદી કરી શકશે અને એની ઈચ્છા મુજબ રૂપિયા લઈ માલનું વેચાણ કરશે

કંપનીઓનું પોતાનું માર્કેટ ઉભું થશે અને નાના અને મધ્યમ વર્ગના વેપારીઓ પાયમાલ થઈ જશે

કંપનીઓ પોતે ખેતી કરતી હશે અને પોતે પોતાની ઉભા કરેલા મોટા મોટા મોલ કે મોટી મોટી માર્કેટના માધ્યમથી માલનું વેચાણ કરશે જેની સીધી અસર નાના નાના કે માધ્યમ ક્ષણ વેપારીઓ ઉપર પડશે તેઓ મોટી કંપનીઓ સામે હરીફાઈમાં ટકી શકશે નહીં અને ખતમ થઈ જશે પછી કંપનીઓ પોતાની મન મરજી મુજબ ગ્રાહકને પણ લૂંટશે એટલે આ કાયદાઓથી ખેડૂત તો પાયમાલ પહેલા થશે બીજા ક્રમે નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓ અને છેલ્લે જનતા કે જેઓ ગ્રાહક છે તે લૂંટાઈ જશે

ખેડૂતને કેમ નુકશાન....

ખેડૂતોને અનેક રીતે નુકશાન છે કેમ જોઈએ.....

પહેલા તો સરકારનો આ કંપનીઓ ઉપર કોઈ કંટ્રોલ નથી કાયદાથી સરકારે આ કંપનીઓને છૂટો દોર આપ્યો છે ટૂંકમાં કહું તો ખુલ્લા સાંઢની જેમ કંપનીઓ ખેડૂતોના ખેતર અને ખેડૂતોને ખાઈ જશે સરકારે કંપનીઓને કાયદાથી કોઈ બંધન મુક્યા નથી ઓછામાં ઓછા આટલા ભાવ ખેડૂતોને આપવા જ જોઈએ આવી કોઈ જોગવાઈ આ કાયદામાં નથી, કંપનીઓ ખેડૂતો સાથે કરાર કરે અને એમાં ખેડૂત અને કંપની વચ્ચે કોઈ તકલીફ ઊભી થાય, કોઈ વાંધો પડે તો ખેડૂત કંપની વિરૂદ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરી શકશે નહીં આમ સરકારે કંપનીઓ પર કંટ્રોલ કરવાની જગ્યાએ ખેડૂતો પર કંટ્રોલ કરી દીધો

બીજું કે કંપનીઓ અને ખેડૂતો વચ્ચે થયેલા કરાર અંગ્રેજીમાં હશે બધા ખેડૂતો આ કરારની એક એક કલમ સમજવાના નથી કંપનીઓ ધારશે ત્યારે કરાર રદ કરી શકશે ને ખેડૂત એવું નહિ કરી શકે કારણ કે ખેડૂત તો કરારથી બંધાયેલો હશે

ત્રીજું કે કંપનીઓ ખેડૂતો સાથે ૨૦ - ૨૫ વર્ષના કરાર કરશે ખેડૂતોના ખેતરમાંથી ખેડૂતને નવરો કરી દેશે અને નવરો નખ્ખોદ વાળે એ કહેવત મુજબ આપણે આપણાં જ ખેતરમાં ખેત મજુર થઈ ને રહી જઈશું.

ચોથું એ પણ શકયતા નકારી શકાતી નથી કે ખેડૂતોના ખેતર પર કંપનીઓ શરતોને આધીન લૉન ઉપાડશે અને પછી ૧૦ વર્ષ સુધી લૉન ન ભરી કંપનીઓ કરાર રદ કરી ભાગી જશે તો આ લૉનની ભરપાઈ કોણ કરશે....

પાંચમું ગયા વર્ષનો પેપ્સીકો કંપની અને બટેટા ઉત્પાદક ઉત્તર ગુજરાતના ખેડૂતોનો કિસ્સો જગ જાહેર છે પેપ્સીકો કંપનીએ ખેડૂતો પર ૪.૫ કરોડનો દાવો કર્યો ભારતભરના ખેડૂત સંગઠનો ખેડૂતોની મદદે આવ્યા હાઈકોર્ટમાં મામલો ગયો અને છેલ્લે કંપનીએ પાછું વળવું પડ્યું અહી તો ખેડૂતો સિવિલ કોર્ટમાં પણ નથી જઈ શકવાના તો ફરિયાદ ક્યાં જઈને કરશું....ખેડૂતોએ રાતા પાણીએ રડવા સિવાય વિકલ્પ રહેવાનો નથી

છઠ્ઠું એ પણ શક્યતાઓ છે કે કંપની તમારી પાસેથી માલ ખરીદશે એ માલ ખરીદનાર કંપની છે એટલે બિલ આપશે એટલે જીએસટી લાગશે જીએસટી પછી ખેડૂતો ઈક્રમટેક્ષના દાયરામાં આવશે એટલે અત્યાર સુધી ઈક્રમટેક્ષ મુક્ત રહેલું ખેતી ક્ષેત્ર હવે ઈક્રમટેક્ષના દાયરમાં આવી જશે

સરકાર પોતાની જવાબદારીમાંથી મુક્ત થશે અને ગરીબો રાસન લેવા કંપનીઓ પાસે જશે

સરકાર આવશ્યક ચીજ વસ્તુઓ કે જે ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદી કરી એને ગરીબોમાં સસ્તા અનાજની દુકાનના માધ્યમથી વહેંચણી કરે છે એવી પણ શકયતા નકારી શકાતી નથી કે હવે સરકાર આ ટેકાના ભાવે ખરીદી કરવાનું બંધ કરશે, ગરીબોને અનાજ કે આવશ્યક વસ્તુઓ સસ્તા અનાજની દુકાન મારફત આપવાનું બંધ કરી ગરીબોના ખાતામાં રોકડા જમા કરશે અને કહેશે કે ગરીબો આ રોકડ મારફત કંપનીઓના માર્કેટમાં જઈ જરૂરી ચીજ વસ્તુ ખરીદી લે.

ખેડૂત, નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓ અને ગરીબ એમ બધા જ પાયમાલ થશે

આ ત્રણ કાયદાઓની ચેનલ બહુ જ બુદ્ધિપૂર્વક લઈ આવવામાં આવ્યા છે જેમાં ઉપરોક્ત ત્રણેય વર્ગને પાયમાલી સિવાય કશું જ મળવાનું નથી અને આમેય મોદી સાહેબનો ઈતિહાસ સાક્ષી છે એણે જે જે યોજનાઓ જનતા માટે ગણાવી છે એમાં જનતાના ભોગે કંપનીઓને જ ફાયદો થયો છે એમાં પ્રધાનમંત્રી પાકવીમાં યોજના હોય, નોટબંધી હોય કે આવી અનેક યોજના લખી શકાય કે જેમાં અંતે મરે તો સામાન્ય જનતા જ છે ને કંપનીઓને લીલા લહેર થાય છે.

પાઘડીનો વળ છેડે

જે સરકાર પોતાની જ કેબિનેટ મંત્રીને આ ત્રણ કાયદાઓના ફાયદાઓ ન સમજાવી શકી એ દેશને સમજાવે છે કે આ ત્રણ બિલ ખેડૂતો માટે ફાયદાકારક છે.

નોંધ : આ વિચાર મારા છે પણ એને આપ આપના નામ સાથે પણ આગળ મોકલી શકો છો આપણો ઉદેશ માત્ર વધારેમાં વધારે ખેડૂતો સુધી સાચી વાત પહોંચે તે છે

# સીએમ રૂપાણીએ ઓનલાઈન મંજૂરી સીસ્ટમનો પ્રારંભ કરાવ્યો



અમદાવાદ,તા.૩

આજે સીએમ રૂપાણીના હસ્તે ઓડીપીએસનું લોકાર્પણ કરવામાં આવ્યું હવે બાંધકામ માટે હવે રાજ્યમાં મળશે ઓનલાઈન મંજૂરી આપવામાં આવી છે. આજથી ઓફલાઈન મંજૂરી પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે અને ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ ૨.૦ આજથી શરૂ થશે. સીએમ રૂપાણીએ ઓનલાઈન મંજૂરી સીસ્ટમનો પ્રારંભ કરાવ્યો હતો. સીએમ રૂપાણીનું કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતુ કે, મારી સરકાર પારદર્શક સરકાર હશે, નિર્ણાયક સરકાર હશે. એટલે કહ્યું હતું હું ૨૦-૨૦ રમવા આવ્યું છું.

જાડી ચામડીવાળી સરકાર નથી પ્રજાની સરકાર છે. સીએમ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, ડેવલપમેન્ટ પરમિશન ઓનલાઈન આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ભાજપ સરકાર વિકાસની રાજનીતિ કરે છે. સમગ્ર દેશમાં વિકાસની રાજનીતિ પ્રસ્થાપિત કરી છે. દરેક માણસને પોતાના ઘરનું સ્વપ્ન હોય છે. પ્લાન પાસ કરાવવા માટે ચપ્પલના તળિયા ઘસાઈ જાય છે. ટેબલે ટેબલે લોકોએ ભાઈ સાહેબ કરવું પડે છે. હવે ૨૪ કલાકમાં ફાઈનલ મંજૂરી મળશે. હવે પ્લાનની મંજૂરી માટે પૈસા નહી આપવા પડે.

વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોના સંક્રમણને નાથવા પૂરતો પ્રયાસ ચાલું છે. તેમજ રિકવરી રેટ સારો છે અને મૃત્યુઆંક ઘટી રહ્યો છે. જેમા ગુજરાતની જનતાએ પૂરો સહકાર આપ્યો છે. આ સિવાય કેટલાક નેતાઓ કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરતા નથી જેને લઈને પણ સીએમ રૂપાણીએ પ્રતિક્રિયા આપી હતી. નિયમો તોડતા નેતાઓ મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ નિયમનું પાલન કરવું જોઈએ. નિયમ તોડતા નેતાઓ સામે ગંભીર પગલાં લેવામાં આવે છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૮૯૯ અને ચાંદીમાં રૂ.૪૭૬નો ઝડપી ઉછાળોઃ ક્રૂડ તેલમાં નરમાઈ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૯૯,૦૪૦ સોદામાં રૂ.૧૨,૮૮૦.૧૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૯ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૪૭૬ ઊછળ્યો હતો. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)ના વાયદામાં ૪૬,૨૯૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૮૨,૫૪૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. કપાસ અને રૂ (કોટન)ના વાયદાના ભાવમાં ઘટાડા સામે મેન્થા તેલ અને સીપીઓ સુધર્યા હતા.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૭૨૫૩ સોદાઓમાં રૂ.૬૪૭૪.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૮૭૪ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૯૩૬ અને નીચામાં રૂ.૪૯૧૮૯ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૯૯ વધીને રૂ.૪૯૫૪૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૭૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૫૦૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૪ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૪૨ થયા હતા, જ્યારે સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૬ વધીને બંધમાં રૂ.૪૯૨૪૫ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૨૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૦૦૦ અને નીચામાં રૂ.૬૨૨૩૬ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૭૬ વધીને રૂ.૬૨૬૨૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૩ વધીને રૂ.૬૩૯૮૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૬૭૧ વધીને રૂ.૬૩૯૬૫ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૫૩૩૭ સોદાઓમાં રૂ.૨૫૫૭.૧૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૬૮ અને નીચામાં રૂ.૩૩૦૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨ ઘટીને રૂ.૩૩૨૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૨૫૫ સોદાઓમાં કુલ રૂ.૪૨૮.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૯૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૯૦૦ અને નીચામાં રૂ.૧૯૭૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૦ ઘટીને રૂ.૧૯૮૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૭૬.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩.૩ વધીને બંધમાં રૂ.૮૭૭.૨ ના ભાવ હતા, જ્યારમેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૦.૯ અને નીચામાં રૂ.૯૪૩ રહી, અંતે રૂ.૯૪૬.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૯ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૭૯ અને નીચામાં રૂ.૧૧૭૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૫૦ ઘટીને રૂ.૧૧૭૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૩૪૬૪ સોદાઓમાં કુલ રૂ.૩૨૫૧.૭૪ કરોડ ની કીમતનાં ૬૫૯૮.૪૨૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૩૭૮૯ સોદાઓમાં કુલ રૂ.૩૨૨૨.૪૬ કરોડ ની કીમતનાં ૫૦૪.૯૪૯ ટન, ક્રૂડ તેલમાં ૮૫૫૦ સોદાઓમાં રૂ.૫૭૬.૯૨ કરોડનાં ૧૭૨૯૪૦૦ બેરલ્સ, કોટનમાં ૩૦૮ સોદાઓમાં રૂ.૨૧.૩૪ કરોડનાં ૧૦૭૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૯૨૪ સોદાઓમાં રૂ.૪૦૪.૭૬ કરોડનાં ૪૬૨૯૦ ટન, મેન્થા તેલમાં ૧૨ સોદાઓમાં રૂ.૨.૧૪ કરોડનાં ૨૨.૬૮ ટન, કપાસમાં ૧૧ સોદાઓમાં રૂ.૨૫.૮૪ લાખનાં ૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૬૦૧.૩૪૬ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૮૭.૬૦૭ ટન, ક્રૂડ તેલમાં ૧૬૫૯ બેરલ્સ, કોટનમાં ૬૪૦૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૨૫૪૦ ટન, મેન્થા તેલમાં ૧૩૧.૭૬ ટન અને કપાસમાં ૫૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૦ અને નીચામાં રૂ.૩૯૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૧૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૭૪૫.૫ અને નીચામાં રૂ.૬૩૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૬૮ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫૪૮૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૯૦૦ અને નીચામાં રૂ.૫૪૭૬.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૫૯૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૬૫૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૮૨ અને નીચામાં રૂ.૩૬૫૮.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૮૨૧ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૮૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૪ અને નીચામાં રૂ.૧૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬ ખૂલી, ઊપરમાં રૂ.૭.૧૨ અને નીચામાં રૂ.૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬.૭૧ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯ અને નીચામાં રૂ.૮૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૩.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૧૯.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૨.૨ અને નીચામાં રૂ.૧૦૯.૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૮.૨ બંધ રહ્યો હતો.

# લોકડાઉનમાં મોબાઈલનો ઉપયોગ વધતા ૩૦ ટકા લોકોને આંખના નંબર વધ્યા

ભુજ,તા.૩

લોકડાઉનમાં લોકો સતત ઘરમાં રહીને એકતરફ કંટાળી ગયા છે,જેથી સતત મોબાઈલ અને લેપટોપ સહિતના ગેજેટ્સનો ઉપયોગ વધ્યો છે.અને બીજી તરફ ઓનલાઈન શિક્ષણમાં વિદ્યાર્થીઓ પણ મોબાઈલ સામે મોટાભાગનો સમય ગાળી રહ્યા છે. જેના પરિણામ હવે ધીરે-ધીરે સામે આવી રહ્યા છે.કચ્છ જિલ્લામાં આંખના નંબરના બદલાવ સાથે ૩૦ ટકા દર્દીઓમાં વધારો થયો છે,તો બાળકોને મોબાઈલની આદત પડી જતા હવે ડ્રાય આઈ અને મેદસ્વીપણાના રોગ વધી રહ્યા છે. ભુજના જાણીતા આંખના તબીબ ડો.સંજયભાઈ ઉપાધ્યાયે જણાવ્યું કે,સતત વધી રહેલા મોબાઈલ ઉપયોગના કારણે લોકોની આંખ સૂકાઈ રહી છે. જેથી ડ્રાય આઈના કિસ્સાઓ દરરોજના દર્દીઓમાં સામે આવી રહ્યા છે.સ્કુલ જવાનું અને બહાર નીકળવાનું ઘટી જતા બાળકો હવે મોબાઈલ,લેપટોપ તરફ વળ્યાં છે.જેથી આંખનો વપરાશ અને સ્ક્રીનટાઈમ વધ્યો છે. જેથી બાળકોને જલ્દી નંબર આવી રહ્યા છે. ભુજના હોસ્પિટલ રોડ પર આવેલા નેત્રમ ચશ્માંના કન્સલ્ટિંગ ઓપ્ટોમેટ્રિસ્ટ સ્મિત.કે ગોરએ જણાવ્યું કે,આજે દોઢ વર્ષનું બાળક યૂટયૂબ ચાલુ કરી વિડીયો શોધી લે છે,મોબાઈલનો ઉપયોગ કરે છે.

ભલે તેને એબીસીડી નથી આવડતી.તો બીજી બાજુ એક રિસર્ચ એવું કહે છે કે વસ્તીના ૫૦ ટકા લોકોને ૨૦૫૦ સુધીમાં માયોપિયા થઈ જશે.જે આંખના દૂરના નંબર વધવા સંબંધિત છે. સામાન્યતઃ વ્યક્તિને એક મિનિટમાં ૧૭-૨૦ વખત આંખ ઝપકાવવાની હોય છે, મોબાઈલ ઉપયોગ વખતે જે માત્ર લોકો ૭-૮ વખત જ બ્લિંક કરે છે. આ સાથે જ જો આંખમાં જોવામાં તકલીફ સર્જાય તો દર છ મહિને નંબર ચેક કરવા પણ તેમણે સૂચન કર્યું હતું.

# શહેરની તમામ સ્કૂલ-કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓનો ટેક્સ માફ કરવા કોંગ્રેસની માંગ

અમદાવાદ,તા.૩

કોરોના મહામારીમાં કેસો સતત વધી રહ્યા છે. લોકડાઉન ખૂલ્યા બાદ સ્કૂલો, કોલેજો હજી સુધી શરૂ કરવામાં આવી નથી. અમદાવાદ શહેરમાં આવેલી અંદાજિત ૧૦૦૦ સ્કૂલ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓનો ચાલુ વર્ષનો પ્રોપર્ટી ટેક્સ માફ કરવાનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો છે. આવતીકાલે શુક્રવારે મળનારી રેવન્યુ કમિટીની બેઠકમાં શહેરની તમામ શૈક્ષણિક સંસ્થાઓનો પ્રોપર્ટી ટેક્સ માફ કરવાના ઠરાવને મંજૂરી આપવામાં આવશે. કોરોનાના કેસો વધતાં રાજ્ય સરકારે સ્કૂલો અને કોલેજો સહિત શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને હજી સુધી શરૂ કરી નથી. છેલ્લા ૮ મહિનાથી શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે ત્યારે અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતી તમામ શૈક્ષણિક સંસ્થાઓનો ચાલુ વર્ષનો પ્રોપર્ટી ટેક્સ માફ કરવાનો ઠરાવ લાવવામાં આવ્યો છે. કોર્પોરેશનની ખાલીબંધની નીતિ મુજબ અમદાવાદ શહેરની આશરે ૧૦૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓનો વાર્ષિક ટેક્સ માફ કરી દેવાનો ઠરાવ કાલે મળનારી બેઠકમાં મંજૂર કરવામાં આવશે. કોંગ્રેસના કોર્પોરેટર શાહનવાઝ શેખ અને અઝરા કાદરીના ટકા સાથે આવેલી આ દરખાસ્તનો નિર્ણય રેવન્યુ કમિટીમાં લેવામાં આવશે.

# રાજ્યની ૬,૦૦૦ શાળાઓ બંધ કરવાની સરકારની હિલચાલ : કોંગ્રેસ

## શાળાઓ બંધ કરવાના અવિચારી નિર્ણયને તાત્કાલિક રદ કરવા કોંગ્રેસની માંગ



ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં સરકારી શાળાઓમાં ઓછી સંખ્યાના નામે રાજ્ય સરકાર લાંબા સમયથી પ્રથમ સૈધ્ધાંતિક નિર્ણય અને ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓને ઓછી સંખ્યાના નામે બંધ કરવાનું મોટાપાયે શરૂ કરી નાખ્યું છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારની ૬,૦૦૦ જેટલી સરકારી શાળાઓ આગામી સમયમાં બંધ કરવા તરફ સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારના બાળકોને ખાસ કરીને કન્યા શિક્ષણ પર મોટો ફટકો પડશે.

આદિવાસી વિસ્તારની સ્થિતિ તો અત્યંત નાજુક હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોષીએ જણાવ્યું છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી સહિત સક્ષમ સત્તાવાળાઓને ઉદ્દેશીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાની રાજ્ય સરકાર નીતિરીતિ હોય તે રીતે એક પછી એક પગલા ભરી રહી છે. સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂંકોમાં અતિ વિલંબ કરવામાં આવે છે.

તેની સાથોસાથ ગ્રાન્ટેડ સંસ્થાઓના માળખાને તોડી નાખવા માટે આ સંસ્થાઓમાં અવસાન, નિવૃતિ સહિત ખાલી પડેલી જગ્યાઓ પર નિમણૂંક અંગે મંજૂરી કે કાર્યવાહી શિક્ષણ વિભાગ કરી રહ્યો નથી. ગ્રાન્ટેડ સંસ્થાઓને ફરજીયાત સેલ્ફ-ફાઈનાન્સ વર્ગો શરૂ કરવા અને ક્રમશઃ ગ્રાન્ટેડ વર્ગો બંધ કરવા આયોજન બધ્ધ રીતે શિક્ષણ વિભાગ દબાણ કરીને શિક્ષણના વેપારીકરણ-ખાનગીકરણને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે.

# મોદી સરકાર ગુજરાતના ખેડૂતો માટે 'કિસાન સૂર્યોદય યોજના લૉન્ચ કરી

ગાંધીનગર,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ખેડૂતો માટે લાભદાયી એવી 'કિસાન સૂર્યોદન યોજના લૉન્ચ કરી છે. ગુજરાતના ખેડૂતોને દિવસ દરમ્યાન જ આખું વરસ વીજળી મળી રહે તેવી કિસાન સૂર્યોદય યોજના ત્રણ વર્ષમાં અમલમાં મૂકવાની તૈયારી ગુજરાત સરકારે કરી છે. આ યોજના અંતર્ગત સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રાજ્યમાં એક સમય હતો જયારે ખેડૂતોને રાત્રિના અંધકારમાં ખેતરોમાં જવું પડતું હતું, ત્યારે તે રાત્રિ દરમિયાન જ વીજળી મળતી જેથી પિયત માટે જંગલી જનાવરના ડર વચ્ચે ખેડૂતોને જવા મજબૂર બનવું પડતું હતું. નોંધનીય છે કે આ મામલે કેન્દ્રમાં ભાજપની સરકારે નિર્ધાર કર્યો અને ખેડૂત લક્ષી યોજનાની જાહેરાત કરી હતી,

જેમાં આ યોજનાથી ગુજરાતના ખેડૂતોને રાત્રે નહીં પરંતુ દિવસ દરમિયાન પણ પૂરતી વીજળી મળી રહે, આ માટે અને એટલા માટે જ ગુજરાતમાં રૂપિયા ૩૫૦૦ કરોડના ખર્ચે લાગૂ કરી છે. ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજના અંગે પીએમ મોદીએ કહ્યું હતું કે કિસાન સૂર્યોદય યોજના ખેડૂતોના જીવનમાં માત્ર નવી સવાર જ નહી લાવે, પરંતુ તેમના માટે સુખ-સમૃદ્ધી પણ લાવશે. આ યોજના અંતર્ગત વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ખેડૂતોની આવક બેગણી કરવા માટે અને તેમનો ખર્ચો ઓછો કરવા માટે આપણે સતત પ્રયત્ન કરતા રહેવું પડશે. આપણા ગુજરાતની વાત કરીએ તો દાહોદ, જુનાગઢ અને ગિર-સોમનાથના ૧૫૭૦ ગામોના ધરતીપુત્રોને પ્રથમ તબક્કે આ કિસાન સૂર્યોદય યોજના તળે આવરી લેવાશે. નોંધપાત્ર છે કે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં ૧૭૫ ગીગાવોટ બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષમતા પ્રસ્થાપિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવ્યો છે. જેમાં ૧૦૦ ગીગાવોટ સૌર ઊર્જાનો તથા ૭૫ ગીગાવોટ ૭૫૦૦૦ મેગાવોટ પવન ઊર્જાનો સમાવેશ છે. જૂનાગઢ અમરેલી ગીર સોમનાથ જિલ્લામાં સિંહ દીપડા સહિતના વન્યપ્રાણીઓ વસવાટ કરે છે.

# છાપી નાગરિક બેક્ક ની ચુંટણી માં ચુમ્માલીસ(૪૪) ફોર્મ ભરાયા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના છાપી ખાતે આવેલી વેપારીઓ ની બેક્ક એવી ધી છાપી નાગરિક સહકારી બેક્ક ની ચુંટણી જાહેર થતાં જ ઉમેદવારી પત્રો ભરવાનો રાફડો ફાટ્યો હતો જેમાં ગઈકાલસુધી માં ચુમ્માલીસ(૪૪) જેટલા ઉમેદવારો એ પોતાની ઉમેવારી નોધાવી હતી મળતી માહિતી મુજબ આશરે દસ વર્ષ થી ચુંટણી માં સમરસ થતી હતી નાગરિક બેક્ક પરંતુ આ વખતે બેક્ક માં ડિરેક્ટરો તરીકે અડીગો જમાવી બેસી ગયેલા અમુક મહાનુભાવો ના કારણે આ વખતે બેક્ક ના શેરહોલ્ડરો એ ચુંટણી માં ઉમેદવારી નોધાવતા ભર શિયાળે ગરમાવો જોવા મળી રહ્યો છે.

બેક્કના અમુક જુના જોગીઓ પોતાની સીટ બચાવવા મતદારો સાથે ગુપ્ત મીટીગો કરી રીઝાવવા ના પ્રયાસો કરી રહ્યા છે પરંતુ આ વખતે મતદારો નો કોઈ અલગ જ મિજાજ જોવા મળી રહ્યો છે અને તેઓ સતાપરિવર્તન થાય તેવું ઈચ્છી રહ્યા છે નાગરિક બેક્ક ની ચુંટણી ન યોજાય તે માટે ચાલું બોર્ડે ઘણા ધંમપછાડા કરવા છંતા આ વખતે ઉમેદવારો ટસનામસ ન થતાં આખરે ચુંટણી આવતા જુના જોગીઓ હાફળા ફાફળા થઈ જવા પામ્યા છે આવતીકાલે ઉમેદવારો ના ફોર્મ ની ચકાસણી કરવામાં આવ્યા પછી જ ખબર પડશે કે કેટલા ઉમેદવારો ચુંટણી ના મેદાન માં ઝંપલાશે.

# બુરેવી વાવાઝોડાની અસર ગુજરાતને નહીં થાયઃ હવામાન વિભાગ

# દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં બુરેવી વાવાઝોડું સક્રિય

ગાંધીનગર,તા.૩

હાલ ડિસેમ્બર મહિનામાં ઠંડી હોવા છતાં પણ રાજ્યમાં ઠંડીની અસર જોવા મળી રહી નથી. અને લોકો હાલ ગરમી લાગતી હોવાનું જણાવી રહ્યા છે. તેવામાં હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું છે કે, દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં બુરેવી વાવાઝોડાને કારણે પવનની દિશા બદલાઈ છે. પવનની દિશા બદલાતાં સામાન્ય કરતા બે ડિગ્રી તાપમાન ઊંચું નોંધાયું છે.

હવામાન વિભાગ ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું કે, દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં બુરેવી વાવાઝોડું સક્રિય છે. તમિલનાડુ અને દક્ષિણ કેરળના દરિયાકિનારે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. માછીમારોને કેરળના દરિયાકિનારા તરફ ન જવા માટે સૂચના આપી હતી. આ ઉપરાંત તેઓએ જણાવ્યું કે, વાવાઝોડાંની અસર તાપમાન પર જોવા મળી છે.

ડિસેમ્બર મહિનો પરંતુ વાવાઝોડુ સક્રિય છે તેના કારણે ઠંડીનુ જોર ઓછું છે. વાવાઝોડાના કારણે પવનની દિશા પણ બદલાય છે. ઉત્તર તરફના પવન ફૂંકાવવાના બદલે પૂર્વ-દક્ષિણ પૂર્વના પવન ફૂંકાય રહ્યા છે. અને પવનની દિશા બદલાતાં સામાન્ય કરતાં બે ડિગ્રી તાપમાન ઊંચું નોંધાયું છે. જો કે જયંત સરકારે જણાવ્યું છે કે બુરેવી વાવાઝોડાની અસર ગુજરાતને નહીં થાય. દરિયામાં કરંટ હોવાના કારણે માછીમારોને કેરળના દરિયાકિનારા તરફ ન જવા માટે સૂચના આપવામાં આવી છે. વાવાઝોડું નબળું પડતા ફરી ઉત્તર તરફના પવન ફૂંકાવવાનું શરૂ થશે અને ઠંડીનું પ્રમાણ વધશે તેવું પણ જયંત સરકારે જણાવ્યુ છે. વાવાઝોડું ૬ કલાકે ૧૩ કિલોમીટરનું અંતર કાપી રહ્યું છે. તેમજ ૭૦ થી ૮૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે.

# વડાપ્રધાન મોદી બે દિવસના ગુજરાત પ્રવાસ પર આવી શકે છે

## આગામી ૧૪ અને ૧૫ ડિસેમ્બરે સોલાર પ્લાન્ટ તથા એનર્જીપાર્કનું છે ખાતમૂહુર્ત

કચ્છ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૪ અને ૧૫ ડિસેમ્બરે કચ્છની મુલાકાતે આવે તેવી શક્યતા છે. વડાપ્રધાનના આ બે દિવસીય પ્રવાસના આયોજન માટે કચ્છ જિલ્લા વહીવટીતંત્ર તેમજ રાજ્ય સ્તરેથી વિવિધ તૈયારીઓ કરવામાં આવી રહી છે. જો કે સત્તાવાર રીતે હજી આ કાર્યક્રમની પુષ્ટી કરવામાં આવી નથી. ગત ૩૦ નવેમ્બરે વડાપ્રધાન કચ્છની મુલાકાતે આવે તેવું આયોજન ગોઠવાયું હતું ,જોકે પાછળથી આ કાર્યક્રમ રદ થયાનું જણાવી સૂત્રોએ ઉમેર્યું હતું કે આગામી ૧૪ અને ૧૫ ડિસેમ્બરે આ કાર્યક્રમ યોજાઈ શકે છે.

ટેન્ટ સિટીમાં કરશે રોકાણબે દિવસની મુલાકાતે આવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છ રણોત્સવની ટેન્ટ સિટીમાં રોકાણ કરે તેવી શક્યતા છે. કચ્છના મીઠાના રણમાં રણોત્સવનું આયોજન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને દેશ-વિદેશમાં પ્રખ્યાત કર્યુ છે તેમજ કચ્છના પ્રવાસનને વેગ આપ્યો છે. વડાપ્રધાન મોદી પોતે પણ સફેદ રણ પ્રત્યે લગાવ ધરાવે છે તેથી અહીં તેમના રોકાણની શક્યતાઓ વધુ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.